સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમર્પિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ રૂ. ૧૨૫/-
ઓગસ્ટ, ૨૦૧૯



## વિદ્વાનોની વિખ્યાત નગરી કાશીમાં મૂર્ધન્ય વિદ્વાનોના સમર્થન સાથે સ્થપાઈ અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠ

## ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતનું પ્રવર્તન કરતી 'અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠ'નું કાશીમાં સ્થાપન...













**ભરૂચ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં હજારો ભક્તોએ માણ્યો દિવ્ય સત્સંગલાભ...**

તા. ૪-૭-૨૦૧૯થી તા. ૧૧-૭-૨૦૧૯ દરમ્યાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ભરૂચ ખાતે બિરાજીને દિવ્ય સત્સંગલાભ આપ્યો હતો. પ્રતિદિન યોજાતી સ્વામીશ્રીની પ્રાતઃપૂજા તથા સાયંસભામાં હજારો ભક્તોએ દિવ્ય સત્સંગલાભ માણ્યો હતો. આ દિવ્ય સત્સંગલાભની શૃંખલામાં યોજાયેલા રથયાત્રા ઉત્સવ, 'ફૂલોં કી હોલી' ઉત્સવ, ઉપાસના દિન, બાળદિન વગેરે વિવિધ કાર્યક્રમોમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્ય-દર્શન-કથામૃતને માણીને હજારો ભક્તોએ ધન્યતા અનુભવી હતી. આ દિવસો દરમ્યાન સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા નૂતન હરિમંદિરોની પ્રતિષ્ઠાવિધિ પણ સંપન્ન થઈ હતી.



## રાજીપા માટેની અનુપમ દોટ...

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ અને પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે તાજેતરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા યોજાયેલા અખિલ ભારતીય બાળ-યુવા અધિવેશનમાં હજારો બાળ-યુવાઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઇષ્ટદેવ અને ગુરુહરિને રાજી કરવાના એક માત્ર લક્ષ્ય સાથે એ બાળકો-યુવાનોએ કરેલા પ્રચંડ પુરુષાર્થ બદલ તેમને બિરદાવતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે લખેલો એક અદ્‌ભુત પ્રેરણાપત્ર અહીં પ્રસ્તુત છે. ઇષ્ટદેવ અને ગુરુહરિના રાજીપા માટે બાળકો-યુવાનોની દોટ સાર્થક થયાની પ્રતીતિ આ પત્રમાં શબ્દે શબ્દે છલકાય છે...




પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંતસ્વામી મહારાજ

રાજીપા માટે ની અનુપમ દોટ

જેમ રામના ભાથામાંથી એક બાણ છૂટે તેમ રાજીપા માટે ની દોટ હતી. જેમ જોઈએ તેમ રાજીપો લેવોજ છે. તેમ મહિનાઓથી રાજીપો લેવોજ છે, નાના-મોટા, ભાઈ-ભાઈ આબાલવૃદ્ધના મોઢે રાજીપો લેવો છે એ વાત હૃદયમાં સોંસરી ઊતરી ગઈ હતી. મુક્તો બધાજ બાળપણાની રીતે સ્પષ્ટ સમજતા હતા, રાજીપાની વાત.

ઝાડ નીચે તાપમાં, એક કેટલાક તો ખૂણે-ખાંચે (ખાડ-ખાડો) જોયા વિના રાજીપો લેવોજ છે. ઈનામ તો લાઈનમાં આવી ગયા તે લઈ ગયા. પણ ખૂબ તો રાજીપાની વાત તો દરેકને એવી તો સ્પષ્ટ સમજાઈ ગઈ હતી કે કાંઈ કોઈનુંજ ન હતું. (બસ, અંતરે તો એક સહજાનંદ માટે) એમ અમારે તો રાજીપો સિવાય કંઈ ખપે એમ ન હતું. રાજીપો કોનો એ વાત તો કહો! શ્રીજીમહારાજનો, શ્રી ગુણાતીતાનંદજીનો અને સત્પુરુષોનો. આનાથી કોઈ વાત મોટી નથી, મહત્ત્વની વાત નથી. શાસ્ત્રનો આમાં સાર હતો. મુક્તોના અને આપણા સૌના આત્મા એક હતી એ વાત કોણે કરી? મૂળમાં કોણ હતું? તે આપણા સૌના પ્રાણ પ્યારા ગુરુ શાસ્ત્રીજી મહારાજ હતા. મહારાજ સ્વામી પ્રત્યક્ષ આ ભૂમિ ઉપર વિચરી (મૂર્તિમાન સ્વરૂપે) ત્યારેજ આ વાત બની. નહી તો જ્ઞાનમાત્ર તો છ આંધળા જેવું. હાથીને જોયા જેવી વાત હતી.



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંતસ્વામી મહારાજ

-૨-

જેને સૂંઢ હાથમાં આવી તે હાથીને દોરડાં જેવા સમજ્યા અને આંચળ આવી તે હાથીને સ્તંભ (થાંભલા) જેવા સમજ્યા. તેમ બધા હાથીના અંગો તે તે પ્રમાણે સમજ્યા. પણ આપણે તો મૂર્તિમાન (ગુરુ-મંડળ) વિચરી ગયા. પણ આ બધી વાત મુક્તોને સમજાઈ ગઈ હતી. અને રાજીપાની વાત માટે એવી તો, દોટ મૂકી, પાછું વાળીને કોઈએ જોયું નહીં.

શાસ્ત્રીજી મહારાજના સંજોગો જોતા કોઈ પણ ભલભલા પણ ના પાડે. હમણાં નહીં, ભવિષ્યમાં કોઈ કરશે. એક શાસ્ત્રીજી મહારાજ નીકળ્યા કે, જેમણે કહ્યું કે, મહારાજની મરજી છેજ. સંજોગો એવા કઠણ હતા કે બીજા કોઈએ તો ના જ પાડી દીધી હોત. પછી ગુરુપરંપરામાં ઊતરી અને આપણે કેવા ભાગ્યશાળી થયા. અને તમે બધા મુક્તો આ વાત સમજ્યા અને અમલમાં પણ મૂકી તો આ પ્રતિભા હદપારનું બનાવ્યા. પણ એક વાત કહું, ન કહું પણ કહીજ દેવી છે. આપ બધાએ અમને આપણી સેવા કરી છે. તે કાંઈ તો તમારા હિતનું યાદ રાખજો અને પ્રસંગે પ્રસંગે તેનો ઉપયોગ કરવા જેવું યાદ રાખવા જેવું ખરૂં. દુઃખમાં, ગમે તેવું વિયોગમાં આવે તેટલું યાદ રાખવું.

સ્વામી કેશવજીવનદાસ
૨૪-૦૯-૨૦ [illegible]
[illegible]

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥


**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૧, અંક : ૮,**
**ઓગસ્ટ, ૨૦૧૯**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

| | |
|---|---|
| **પ્રકાશક** | : સ્વામિનારાયણ અક્ષરપીઠ |
| **તંત્રી** | : સાધુ સ્વયંપ્રકાશદાસ |
| **પરામર્શકો** | : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ |
| **સંપાદકો** | : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ |
| **કલાનિર્દેશક** | : સાધુ શ્રીજીસ્વરૂપદાસ |
| **વ્યવસ્થાપક** | : સાધુ નિખિલેશદાસ |
| **મૂળ વાર્ષિક લવાજમ** | : રૂા. ૧૯૦/- |
| **ઘટાડેલું લવાજમ** | : રૂા. ૧૨૫/- |
| **પરદેશમાં લવાજમ** | : £ ૧૫ (યુરોપ)<br>: $ ૨૫(યુ.એસ.એ.) |

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**




## વિદ્વાનોની વિખ્યાત નગરી કાશીમાં

# શ્રી અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠની સ્થાપના

## કાશીના પ્રકાંડ વિદ્વાનોએ આદરપૂર્વક આપ્યું સમર્થન...

### વિદ્વત્ નગરી કાશી

કાશી એટલે ભારતવર્ષનું અતિ પ્રાચીન પવિત્ર તીર્થ સ્થાન. વિશ્વમાં આ એક માત્ર નગરી એવી છે જેને વિદ્વાનોની નગરી તરીકે ઓળખવામાં આવે છે. જે રીતે શ્રી કાશી નગરીનો કણ કણ ભગવતી ભાગીરથી ગંગાના પ્રવાહથી પરિપ્લાવિત થઈ રહ્યો છે, તે જ રીતે અહીં વૈદિક વાઙ્મયનો જ્ઞાનપ્રવાહ પણ પ્રાચીન કાળથી સમગ્ર વાતાવરણને જ્ઞાનમય બનાવી રહ્યો છે. પારંપરિક પદ્ધતિએ શાસ્ત્રોનું અધ્યયન અને અધ્યાપન અહીંની જીવનશૈલી છે. કાશી નગરી વિદ્વાનોની ખાણ છે. જેમ ગંગાનો પ્રવાહ કાશીની ઓળખાણ છે, જેમ ગંગાતટે શોભતા પવિત્ર ઘાટ કાશીની ઓળખાણ છે, જેમ વિશ્વનાથ મહાદેવ કાશીની ઓળખાણ છે, તે જ રીતે વિદ્વત્તા પણ કાશીની અદકેરી ઓળખાણ છે. કાશીમાં વેદ, વેદાંત, જ્યોતિષ, આયુર્વેદ, શિલ્પશાસ્ત્ર, સાહિત્ય, ન્યાય, વ્યાકરણ, મીમાંસા તથા શાસ્ત્રીય સંગીત આદિ પ્રત્યેક વિષયમાં પારંગત વિશ્વવિખ્યાત વિદ્વાનોની પરંપરા આજે પણ જીવિત છે. ખરેખર, મા ગંગાના તટ પર, મા સરસ્વતી એટલે કે જ્ઞાનની આરાધના કાશીનો એક જુદો જ પરિચય કરાવે છે.

આવી વિદ્વદ્ નગરી અને તીર્થભૂમિ કાશીમાં તા. ૨૮ જૂન ૨૦૧૯ના દિવસે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા 'અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠ'ની સ્થાપના થતાં ભારતીય તત્ત્વજ્ઞાનની પરંપરામાં તથા અખિલ સ્વામિ-નારાયણ સંપ્રદાયના ઇતિહાસમાં તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે એક સુવર્ણ પૃષ્ઠ ઉમેરાયું છે.

આવો, એ અંગે વિશેષ માહિતી પ્રાપ્ત કરીએ.

### અક્ષરપુરુષોત્તમ દર્શન

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણે સ્વયં કૃપા કરીને આ લોકમાં અવતરીને અનેકનું પરમ કલ્યાણ કર્યું. તેમણે સ્વયં જ પોતાના પરમ દિવ્ય, પરમ સત્ય, સનાતન અને પરમ મુક્તિપ્રદ દિવ્ય સિદ્ધાંતને આ બ્રહ્માંડમાં સર્વપ્રથમ પ્રસ્થાપિત કર્યો. આ પરમ સિદ્ધાંત એટલે અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત. આ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત જ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં 'અક્ષરપુરુષોત્તમ દર્શન' નામથી પ્રસિદ્ધિ પામ્યો છે.

પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત આ અક્ષરપુરુષોત્તમ

દર્શનનું સંરક્ષણ, પોષણ અને પ્રવર્તન સ્વામિનારાયણ ભગવાનના આધ્યાત્મિક વારસદાર મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીથી આરંભાયેલી ગુણાતીત ગુરુઓની પરંપરા દ્વારા આજ દિન પર્યંત થઈ રહ્યું છે.

મોટાં ગગનચુંબી મંદિરો બાંધી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે, મધ્ય ખંડમાં અક્ષર-પુરુષોત્તમની એટલે કે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી અને પરબ્રહ્મ પુરુષોત્તમ સહજાનંદ શ્રીહરિની મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરીને પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત સનાતન દિવ્ય સિદ્ધાંતને મૂર્તિમાન કર્યો. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતને આફ્રિકા અને ઇંગ્લૅન્ડ જેવા દેશોમાં પ્રસરાવ્યો. બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજે તો એક હજાર કરતાં વધુ મંદિરો અને સંતોનું નિર્માણ કરી આ સિદ્ધાંતની ભવ્ય ધજાઓ નવખંડ ધરતીમાં ફરકાવી છે.

વર્તમાનકાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ આ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના ડંકા સમગ્ર વિશ્વમાં વગાડી રહ્યા છે.

અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના પ્રવર્તનના ભાગરૂપે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીને પ્રસ્થાનત્રયી એટલે કે મુખ્ય દશ ઉપનિષદો, શ્રીમદ્-ભગવદ્‌ગીતા તથા બ્રહ્મસૂત્ર પર ભાષ્ય લખવાની આજ્ઞા કરી હતી. સન ૨૦૦૭ની સાલમાં બી.એ.પી.એસ. સ્વામિ-નારાયણ સંસ્થાના શતાબ્દી મહોત્સવે આ ભાષ્યો અક્ષર-પુરુષોત્તમ મહારાજનાં ચરણે અર્પણ કરવામાં આવ્યાં. ભાષ્યગ્રંથોની સાથે સાથે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી ભદ્રેશદાસ સ્વામીએ 'સ્વામિનારાયણ સિદ્ધાંત-સુધા' (પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શન) એ નામે એક વાદગ્રંથની પણ રચના કરી છે.

આ ભાષ્યગ્રંથો તથા વાદગ્રંથમાં અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતનું દાર્શનિક રીતે, શાસ્ત્રીય પદ્ધતિને અનુસરીને સચોટ, સરળ, સ્પષ્ટ અને પ્રમાણભૂત પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શન એક મૌલિક, વિશિષ્ટ, સ્વતંત્ર વૈદિક સનાતન દર્શન છે એ વાત આ ગ્રંથો વાંચનાર વિદ્વાનોને સુપેરે સમજાઈ જાય છે.

## અક્ષરપુરુષોત્તમ દર્શન પ્રત્યે વિદ્વાનોની અભિરુચિ

અક્ષરપુરુષોત્તમ મહારાજના દિવ્ય સંકલ્પથી તથા ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ તથા ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં કૃપા-આશીર્વાદથી જે જે વિદ્વાનોએ આ ભાષ્યગ્રંથો તથા વાદગ્રંથનું ઊંડાણથી અધ્યયન કર્યું તેમને ખૂબ જ આનંદ, આશ્ચર્ય અને અહોભાવ થયાં છે. એક અભિનવ દર્શન એટલે કે નૂતન તત્ત્વજ્ઞાનની ભેટ આજથી સવા બસો વર્ષ પહેલાં શ્રી સ્વામિનારાયણ ભગવાને કરી હતી, એ વાત જાણીને વિદ્વાનો ખરેખર અચંબિત થઈ જતા હતા. આ વિદ્વાનોને એમ પણ લાગતું કે આ અક્ષરપુરુષોત્તમ દર્શનની વાત સમગ્ર વિદ્વત્ જગતમાં થવી જોઈએ. કારણ કે બહુ ઓછા વિદ્વાનો સ્વામિનારાયણ ભગવાનના મૌલિક અને વિશિષ્ટ એવા વૈદિક સનાતન અક્ષરપુરુષોત્તમ દર્શન વિશે જાણે છે. વળી, જે કાંઈ જાણે છે તેમાં પણ પૂર્ણતા હોવી જરૂરી છે. તેથી પ્રસ્થાનત્રયી પર લખાયેલા સ્વામિનારાયણ ભાષ્યગ્રંથો તથા વાદગ્રંથને શાસ્ત્રના જાણકાર પંડિતો સમક્ષ મૂકીને તેમાં લખાયેલા સિદ્ધાંતો વિશે વિશદ વિમર્શ કરવા

કાશીમાં યોજાયેલ અપૂર્વ સમારોહમાં શ્રી કાશી વિદ્વત્ પરિષદે 'દર્શનશાસ્ત્ર-સાર્વભૌમ' બહુમાનથી પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીનું અલંકરણ કર્યું. બી.એ.પી.એસ. સંસ્થા વતી પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ કાશીના મૂર્ધન્ય વિદ્વાનોને સન્માનથી બિરદાવ્યા...






દેશ-વિદેશના અનેક વિદ્વાનોએ અભિરુચિ દર્શાવી. પરિણામે વિગત છ-સાત વર્ષના સમયગાળામાં આ ગ્રંથોને આધારે ભાષ્યકાર ભદ્રેશદાસ સ્વામી સાથે ૩૫૦થી વધુ વિદ્વાનોએ રૂબરૂ પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શનની વિશદ ચર્ચા-વિચારણાઓ કરી. આ ચર્ચા-વિચારણાઓ કેવળ વાદ-વિવાદ ન હતો, પરંતુ ન્યાય-વ્યાકરણ-મીમાંસા આદિ ગહન વિષયોને આધારે થતી દાર્શનિક ગોષ્ઠિઓ હતી. સૌ વિદ્વાનોએ આ ગ્રંથોને સારી રીતે વાંચ્યા હતા, વિચાર્યા હતા અને ચકાસ્યા પણ હતા. આ બધું કર્યા પછી રૂબરૂ વિમર્શો થતા હતા. આ સમગ્ર પ્રક્રિયાનું પરિણામ એ આવ્યું કે અક્ષરપુરુષોત્તમ દર્શન એક સ્વતંત્ર, મૌલિક, વૈદિક સનાતન દર્શન છે એ તથ્ય સૌ વિદ્વાનોને હૈયે ને હોઠે ચઢવા લાગ્યું. સમગ્ર ભારતવર્ષમાં ઉત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમ દરેક ક્ષેત્રના વિદ્વાનોને આ અલૌકિક વૈદિક દર્શનનો પરિચય થવા લાગ્યો.

આ જ સિલસિલામાં કાશીના વિદ્વાનોને અક્ષરપુરુષોત્તમ દર્શનના ભાષ્યગ્રંથોનો પરિચય થયો. ઉપનિષદો, બ્રહ્મસૂત્ર અને ભગવદ્‌ગીતા જેવા તત્ત્વજ્ઞાનના મહાન ગ્રંથો પર આજના સમયમાં પણ એક મૌલિક, સ્વતંત્ર અને વિશિષ્ટ દર્શનને પ્રતિપાદિત કરતાં ભાષ્યોની રચના સંસ્કૃત ભાષામાં અને શાસ્ત્રીય શૈલીમાં થઈ શકે, એ વાત ભારતવર્ષના અન્ય વિદ્વાનોની જેમ કાશીના વિદ્વાનો માટે પણ આશ્ચર્યનો વિષય હતો. કાશીમાં 'શ્રી કાશી વિદ્વત્ પરિષદ્'ના નામથી પ્રખ્યાત શાસ્ત્રોમાં પરંપરાગત રીતે પારંગત એવા પંડિતોની પરિષદ છે. આ પંડિતોએ પણ જ્યારે સંપૂર્ણ પ્રસ્થાનત્રયી પર લખાયેલા સ્વામિનારાયણભાષ્યના પાંચ મોટા ગ્રંથો નજરે જોયા ત્યારે તેઓ જાણે વિદ્વદ્ જગતની એક અજાયબી નિહાળતા હોય તેમ લાગ્યું! ભાષ્યોની સાથે સાથે સ્વામિ-નારાયણ ભગવાનના તત્ત્વજ્ઞાનની મૌલિકતા અને વિશેષતાને સ્પષ્ટ રીતે પ્રતિપાદિત કરતો 'સ્વામિનારાયણ સિદ્ધાંતસુધા' વાદગ્રંથ પણ જોયો. આ બધું પ્રત્યક્ષ નિહાળ્યા પછી વિદ્વત્તામાં અજોડ એવી આ વિશ્વવિખ્યાત શ્રી કાશી વિદ્વત્ પરિષદે પોતે જ સન ૨૦૧૭માં પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંતને સર્વ-સંમતિ સાથે સંપૂર્ણપણે લેખિત સમર્થન પણ આપ્યું.

આ રીતે પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષર-પુરુષોત્તમ દર્શન વિદ્વદ્ જગતમાં પણ સુપેરે પ્રતિષ્ઠિત થયું.

### શ્રી કાશી વિદ્વત્ પરિષદ્

સદીઓ પહેલાં સ્થપાયેલી શ્રી કાશી વિદ્વત્ પરિષદ, કેવળ કાશીની જ નહીં સમગ્ર ભારતવર્ષમાં વિદ્વદ્ જગતમાં અતિમાન્ય અને અત્યંત આદર પામેલી વિદ્વાનોની સંસ્થા છે. આ પરિષદ સર્વવિધ વિદ્યાઓના ક્ષેત્રમાં, વૈદિક ધર્મ તથા તત્ત્વજ્ઞાનના વિષયમાં પ્રમાણભૂત સંસ્થા માનવામાં આવે છે. પરંપરાગત વિદ્વાનો જ આ પરિષદના સભ્યો હોય છે. વિદ્વત્તામાં આ પરિષદ સમગ્ર ભારતમાં શિરમોડ ગણવામાં આવે છે.

### પીઠની સ્થાપનાનું વિશેષ પ્રયોજન

પ્રત્યેક સંપ્રદાયમાં દાર્શનિક પીઠની સ્થાપનાનું એક વિશિષ્ટ મહત્ત્વ હોય છે. દાર્શનિક પીઠ એક વિશિષ્ટ પ્રકારની પાઠશાળા જ છે, જ્યાં પરંપરાગત રીતે જે તે સંપ્રદાયના તત્ત્વજ્ઞાનનું ઊંડાણથી અધ્યયન-અધ્યાપન થતું હોય છે. સંપ્રદાયના તાત્ત્વિક પક્ષોને શાસ્ત્રીય શૈલીથી ચર્ચાઓ અને વિમર્શો દ્વારા મજબૂતી આપવામાં આવતી હોય છે, જ્યાં શાસ્ત્રમાં પારંગત વિદ્વાનો સાથે દાર્શનિક વિષયો પર ગહનતાથી વિચાર-વિમર્શ કરવામાં આવે છે, જ્યાં સંપ્રદાયના વિવિધ સિદ્ધાંતો પર શોધકાર્યો કરવામાં આવે છે, જ્યાં ન્યાય-વ્યાકરણ-વેદાંત-સાહિત્ય આદિ વિષયક સંસ્કૃત ગ્રંથોનું પ્રાચીન ગુરુકુલ પદ્ધતિથી પઠન-પાઠન કરવામાં આવે છે, જ્યાં વિવિધ વિષયો પર કાર્યશાળાઓ, સંમેલનો તથા પરિસંવાદ જેવા કાર્યક્રમોના માધ્યમથી વિદ્વત્તાને પરિપુષ્ટ કરવામાં આવે છે.

ટૂંકમાં કહેવું હોય તો દર્શન પીઠ એટલે સંપ્રદાયના આચાર-વિચાર, તત્ત્વજ્ઞાન આદિ સકળ બાબતોમાં શાસ્ત્રીય રીતે પરિપક્વ વિદ્વાનોને તૈયાર કરવા માટેની પાઠશાળા.

### કાશીમાં દાર્શનિક પીઠ

આમ તો બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થામાં આ પ્રવૃત્તિ અહોરાત્ર ગતિમાન છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા સારંગપુરમાં સ્થાપિત સંતતાલીમ કેન્દ્ર, યજ્ઞપુરુષ સંસ્કૃત પાઠશાળા, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, ગાંધીનગર ખાતે અક્ષરધામ સ્થિત આર્ષ સંશોધન કેન્દ્ર, દિલ્હી ખાતે અક્ષરધામ સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ શોધસંસ્થાન જેવાં કેન્દ્રોમાં ખૂબ જ સુંદર રીતે પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શનને અનુસરીને સંપ્રદાયના તત્ત્વજ્ઞાન, આચાર, પ્રણાલીઓ તથા પરંપરા અંગે અધ્યયન-અધ્યાપન, સંમેલનો, પરિસંવાદો વગેરે કાર્યક્રમો થઈ રહ્યા છે. તેમ છતાં પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાને પ્રસ્થાપિત કરેલા આ દિવ્ય અક્ષરપુરુષોત્તમ દર્શનનું તત્ત્વજ્ઞાન કેવળ સંપ્રદાયના વિદ્વાનો કે આશ્રિતો પૂરતું મર્યાદિત ન રહે, પરંતુ વૈદિક સનાતન ધર્મના પ્રખર વિદ્વાનો પણ આ દિવ્ય સિદ્ધાંતથી વાકેફ થાય તેવી પરમ પવિત્ર

ભાવના ગુરુહરિ શ્રી મહંત સ્વામી મહારાજની છે.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આ ભાવનાને સાકાર કરવામાં શ્રી કાશી વિદ્વત્ પરિષદનો એક નિર્ણય નિમિત્ત બન્યો. કેટલાક માસ પૂર્વે શ્રી કાશી વિદ્વત્ પરિષદના મુખ્ય સભ્યોની સમિતિની બેઠક થઈ તેમાં બી.એ.પી.એસ. સંસ્થાના વિદ્વાન ભાષ્યકાર મહામહોપાધ્યાય સાધુ ભદ્રેશદાસ સ્વામીને એક વિશિષ્ટ અલંકરણથી સન્માનિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. વળી, આ યુગના સંપૂર્ણ પ્રસ્થાનત્રયીના જીવિત ભાષ્યકારનું સન્માન તો કાશીમાં જ પંડિતોની મહાસભામાં જ થવું જોઈએ એમ તેઓની દૃઢ ભાવના હતી. આ અંગે શ્રી કાશી વિદ્વત્ પરિષદે બી.એ.પી.એસ. સંસ્થા પાસે અનુમતિ માંગી. વિદ્વાનોના સાચા ભાવને સ્વીકારીને મહંત સ્વામી મહારાજે આ સન્માનના કાર્યક્રમ માટે અનુમતિ આપી. સાથે સાથે આ જ અવસરે કાશીમાં અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠની ધામધૂમથી પંડિતોની મહાસભામાં સ્થાપના પણ થઈ જાય તેવો દિવ્ય સંકલ્પ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે કર્યો. ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની સાક્ષાત્ આજ્ઞાથી જ સ્વામિનારાયણ-ભાષ્યો અને સ્વામિનારાયણ સિદ્ધાંતસુધા ગ્રંથનું નિર્માણ થયું હતું. તેથી તેમની જન્મશતાબ્દી નિમિત્તે તેમનાં ચરણોમાં એક દાર્શનિક અંજલિ અપાય તેવી મહંત સ્વામી મહારાજની ગુરુભક્તિમય ઇચ્છા હતી. ગુરુહરિના આ દિવ્ય સંકલ્પની જાણ શ્રી કાશી વિદ્વત્ પરિષદ તથા કાશીના અન્ય મૂર્ધન્ય વિદ્વાનોને કરવામાં આવી ત્યારે તેઓ સૌ અતિ હર્ષ-પુલકિત થઈ ઊઠ્યા અને અત્યંત આદરપૂર્વક આ સંકલ્પને વધાવી લીધો. આનંદની વાત તો એ હતી કે આ વિદ્વાનોમાંથી મોટા ભાગના વિદ્વાનોએ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અથવા તો મહંત સ્વામી મહારાજનો સાક્ષાત્ દર્શન-વાર્તાલાપનો લાભ લીધો હતો અને આ બંને સત્પુરુષોની સાધુતાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો. આથી સૌ પંડિતો આ કાર્યક્રમને સત્વરે યોજવા માટે ઉત્સુક હતા. આ સાથે સોનામાં સુગંધ ભળે તેમ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ અલૌકિક પ્રસંગે ઉપસ્થિત વિદ્વાનોનું પણ સન્માન બી.એ.પી.એસ. સંસ્થા વતી કરવાનું નિર્ધારિત કર્યું. કાશીના વિદ્વાનોને સ્વામીશ્રીની આ ભાવનાની જાણ કરવામાં આવી ત્યારે આ ભાવનાને મહાન સંતના આશીર્વાદ રૂપ માનીને વિદ્વાનોએ મસ્તકે ચઢાવી. આમ, અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠની સ્થાપના, શ્રી કાશી વિદ્વત્ પરિષદ દ્વારા પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીનું વિશિષ્ટ બહુમાન તથા કાશીના વિદ્વાનોનું સન્માન એમ એક જ સમારોહમાં ઉત્સવ-ત્રિવેણીનો સંગમ સહેજે સહેજે થઈ ગયો. શ્રી કાશી વિદ્વત્ પરિષદ અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા બંનેના સહઆયોજનથી આ સમારોહ સંપન્ન કરવાનું નક્કી થયું. અને ૨૮ જૂન, ૨૦૧૯ના દિવસે સાંજના ૪-૦૦ થી ૭-૦૦ દરમ્યાન વિખ્યાત કાશી હિંદુ વિશ્વવિદ્યાલયમાં આવેલા માલવીય મૂલ્ય અનુશીલન કેન્દ્રના સભાગારમાં આ કાર્યક્રમ યોજાઈ ગયો.

આ સમારોહ સંસ્થાના વરિષ્ઠ સંત પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામી(પૂજ્ય કોઠારી સ્વામી)ની અધ્યક્ષતામાં ઊજવાય તેમ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સ્વયં આદેશ કર્યો હતો.

આમ બધું જ સુનિશ્ચિત થઈ જતાં અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠની સ્થાપનાના આ અલૌકિક સંકલ્પનો પંડિતો પણ પ્રચાર કરવા લાગ્યા. શ્રી કાશી વિદ્વત્ પરિષદે આ પ્રસંગે સંસ્કૃતમાં ખાસ નિમંત્રણ પત્રિકા પણ તૈયાર કરી. સૌ વિદ્વાનોને આ સમારોહમાં ઉપસ્થિત રહેવા આ પરિષદે આમંત્રણ આપ્યું.

કાશી નગરીમાં અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠની સ્થાપના થાય તે સંકલ્પમાં બીજી પણ એક વિશેષતા સમાઈ હતી. તે વિશેષતા એ હતી કે કાશી નગરીમાં અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈત આદિ સંપ્રદાયોની દાર્શનિક પીઠો સ્થપાયેલી છે. આથી આ વિદ્વદ્ નગરીમાં સ્વામિનારાયણ સંપ્રદાયની પણ એક દાર્શનિક પીઠ સ્થપાય તે નિર્ણય સર્વ દૃષ્ટિએ સાર્થક હતો.

## અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠ સ્થાપના મહોત્સવ

તા. ૨૮ જૂન, ૨૦૧૯ના દિવસે નક્કી થયેલા સમય પ્રમાણે કાશીના વિદ્વદ્વર્યો કાશી હિંદુ વિશ્વવિદ્યાલયમાં આવેલા માલવીય મૂલ્ય અનુશીલન કેન્દ્રમાં ઊમટવા લાગ્યા હતા. સૌ મળીને ૧૨૫ પ્રખર વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત વિદ્વાનોમાં નીચેના મૂર્ધન્ય વિદ્વાનો ખાસ ઉલ્લેખનીય છે:

- પં. રામયત્ન શુક્લજી (અધ્યક્ષ, કાશી વિદ્વત્ પરિષદ)
- પં. રેવાપ્રસાદ દ્વિવેદીજી (ભારતના મૂર્ધન્ય વિદ્વાન)
- પં. કમલેશદત્ત ત્રિપાઠીજી (નાટ્યશાસ્ત્ર એવં વ્યાકરણના વિશ્વવિખ્યાત વિદ્વાન)
- શિવજી ઉપાધ્યાય (મહામંત્રી, કાશી વિદ્વત્ પરિષદ)
- વશિષ્ઠ ત્રિપાઠી (ઉપાધ્યક્ષ અને કાર્યકારી અધ્યક્ષ, કાશી વિદ્વત્ પરિષદ)
- જયશંકરલાલ ત્રિપાઠી (ભારતી વિદ્વદ્ પરિષદના અધ્યક્ષ, રાષ્ટ્રપતિ સન્માનથી સન્માનિત)
- રમેશકુમાર પાંડેજી (કુલપતિશ્રી, લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ, નવી દિલ્હી)
- રાજારામ પાંડેજી (મૂર્ધન્ય વિદ્વાન)




બનારસના પ્રસિદ્ધ હિંદુ વિશ્વવિદ્યાલયના સભાગારમાં યોજાયેલા વિશિષ્ટ સમારોહમાં 'અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠ'ની ઐતિહાસિક સ્થાપના થઈ ત્યારે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની પ્રતિમાઓ વચ્ચે મંચ પર બિરાજમાન કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી અને ભદ્રેશદાસ સ્વામી સાથે કાશીના ગૌરવ સમાન મૂર્ધન્ય વિદ્વાનો...

- રામચંદ્ર પાંડેજી (કાશી વિદ્વત્ પરિષદના વરિષ્ઠ ઉપાધ્યક્ષ, સંસ્કૃત વિદ્યાધર્મ વિભાગના પૂર્વાધ્યક્ષ, જ્યોતિષ શાસ્ત્રના મૂર્ધન્ય વિદ્વાન)
- યુગલકિશોર મિશ્રજી (પૂર્વ કુલપતિ, રામાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, સંપૂર્ણાનંદ વિશ્વવિદ્યાલયના વેદ વિભાગના અધ્યક્ષ, વેદશાસ્ત્રોમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત વિદ્વાન)
- બાલ શાસ્ત્રીજી (સંસ્કૃત વિદ્યાધર્મ વિભાગના પૂર્વાધ્યક્ષ, વ્યાકરણ વિભાગના વર્તમાન અધ્યક્ષ)
- રમેશચંદ્ર પંડાજી (પૂર્વ કુલપતિ, મહર્ષિ પાણિનિ વૈદિક વિશ્વવિદ્યાલય, ઉજ્જૈન, દર્શનશાસ્ત્રના મૂર્ધન્ય વિદ્વાન)
- રામકિશોર ત્રિપાઠીજી (પૂર્વાધ્યક્ષ, વેદાંત વિભાગ, સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, વેદાંતના પ્રખર વિદ્વાન)
- ચંદ્રમા પાંડેજી (જ્યોતિષ શાસ્ત્રના પ્રખર વિદ્વાન)
- આંજનેય શાસ્ત્રીજી (ન્યાય દર્શનના પ્રખર વિદ્વાન, વૈદિક દર્શન વિભાગના અધ્યક્ષ)
- વિંધ્યેશ્વરીપ્રસાદ મિશ્ર (ઉપાધ્યક્ષ, કાશી વિદ્વત્ પરિષદ, વેદાંત અને સાહિત્યના પ્રસિદ્ધ વિદ્વાન)
- ભગવત્શરણ શુક્લજી (વ્યાકરણ શાસ્ત્રના પ્રખર વિદ્વાન)
- ચંદ્રમૌલિ ઉપાધ્યાય (જ્યોતિષ શાસ્ત્રના મૂર્ધન્ય વિદ્વાન)
- કૌશલેન્દ્ર પાંડેજી (સાહિત્ય શાસ્ત્રના વિદ્વાન, સાહિત્ય વિભાગના પૂર્વવિભાગાધ્યક્ષ)
- હરપ્રસાદ દીક્ષિત (સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના પાલિ વિભાગના અધ્યક્ષ)
- રામપૂજન પાંડેજી (ન્યાયશાસ્ત્રના પ્રખર વિદ્વાન, છાત્ર કલ્યાણ વિભાગના અધ્યક્ષ, સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય)
- સુધાકર મિશ્રજી (વેદાંત વિભાગના અધ્યક્ષ, સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય)
- શિવશંકર મિશ્રજી (શોધ અને પ્રકાશન વિભાગના અધ્યક્ષ, લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ)
- વિનયકુમાર પાંડેજી (સંસ્કૃત વિદ્યાધર્મ વિજ્ઞાન વિભાગના જ્યોતિષ વિભાગના અધ્યક્ષ, શ્રી કાશી વિદ્વત્ પરિષદના સંગઠન મંત્રી)
- ગિરિજાશંકરજી (જ્યોતિષના પ્રસિદ્ધ વિદ્વાન)
- દિનેશ ગર્ગજી (શ્રી કાશી વિદ્વત્ પરિષદના પ્રવક્તા, રાજશાસ્ત્રી, પ્રાચીન રાજશાસ્ત્રના અધ્યક્ષ)
- બ્રજભૂષણ ઓઝાજી (વ્યાકરણ શાસ્ત્રના વિદ્વાન, સંસ્કૃત વિદ્યાધર્મ વિજ્ઞાન વિભાગના આચાર્ય)

ઇત્યાદિ મૂર્ધન્ય વિદ્વાનોથી સભાગાર શોભતો હતો.

સમગ્ર સભાગારને પ્રસંગોચિત સુશોભનથી પણ શણગાર્યો હતો. પ્રવેશદ્વાર પાસે બી.એ.પી.એસ. સંસ્થા વતી સૌ વિદ્વાનોનું સ્વાગત કરતું સંસ્કૃતમાં લખાણ મૂકવામાં આવ્યું હતું. સભાગૃહ સુધીના ગમન પથ પર બંને બાજુએ વેદો, વૈદિક દર્શનો, અક્ષરપુરુષોત્તમ દર્શન વગેરેનો ટૂંકમાં પરિચય આપતાં પોસ્ટર્સ શોભતાં હતાં.

સમારોહમાં પધારતા વિદ્વાનોને અક્ષત સહિત ચંદનનો ચાંદલો કરી અને નાડાછડી બાંધી સંતો તેમનું સ્વાગત કરતા હતા.

### શોભાયાત્રા

સમારોહની શરૂઆત શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની એક ઐતિહાસિક શોભાયાત્રાથી થઈ, જેમાં ઉપસ્થિત સૌ




ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શનને તથા અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠની સ્થાપનાને હૃદયપૂર્વક સમર્થન આપતા કાશીના ૧૨૫ મૂર્ધન્ય પંડિતોએ 'હે અક્ષરપુરુષોત્તમ મહારાજ! કાશીમાં આપનું સ્વાગત છે...' ઉચ્ચારીને અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠની સ્થાપના વેળાએ ઐતિહાસિક હસ્તાક્ષરો કર્યા...

વિદ્વાનો જોડાયા. પૂજ્ય કોઠારી સ્વામીની આગેવાનીમાં શોભાયાત્રાનો આરંભ થયો. અક્ષરપુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિઓ લઈને સંતો ચાલતા હતા. સમગ્ર શોભાયાત્રા દરમ્યાન પંડિતોએ વેદમંત્રોનું ઊંચા સાદે ગાન કર્યું હતું. 'अक्षरपुरुषोत्तम दर्शन पीठ स्थापना महोत्सव', 'जयतु अक्षरपुरुषोत्तमदर्शनम्', 'विलसतु श्रीकाश्याम् अक्षरपुरुषोत्तमदर्शनम्', 'विश्वे विद्वांसोऽभिवर्धताम्', 'ब्रह्मविद् आप्नोति परम्', 'विद्वन्नगर्यां श्रीकाश्याम् अक्षरपुरुषोत्तमदर्शनस्यास्तु स्वागतम्', 'शास्त्ररक्षैकदृढव्रताः वयम्' વગેરે વાક્યો લખેલાં બેનર લઈને વિદ્વાનો આ શોભાયાત્રમાં ચાલતા હતા. શોભાયાત્રા મુખ્ય સભાગારમાં વિરામ પામી. આજની શોભાયાત્રા એક ઐતિહાસિક ઘટના હતી કારણ કે આ શોભાયાત્રામાં જોડાનાર વ્યક્તિઓ સામાન્ય ન હતી, પરંતુ વિશ્વવિખ્યાત પંડિતો હતા. શોભાયાત્રા બાદ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની મૂર્તિઓનું સ્થાપન મંચના મધ્યમાં કરવામાં આવ્યું.

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની આ મૂર્તિઓનું પૂજન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સારંગપુરમાં કર્યું હતું. વળી, કાશીમાં જે અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠની સ્થાપના થવાની છે તેમાં પ્રતિષ્ઠિત થનાર આ અક્ષરપુરુષોત્તમ મહારાજની ધાતુની મૂર્તિઓનો આગલા દિવસે એટલે કે તા. ૨૭-૬-૨૦૧૯ના દિવસે કાશીના પ્રાચીન અને વિખ્યાત એવા શ્રી કાશી વિશ્વનાથ મહાદેવના મંદિરમાં આવેલા જ્ઞાનવાપિના પવિત્ર જળથી, સહજાનંદ નામાવલિના પાઠ સાથે અભિષેક કરાયો હતો. શ્રી કાશી વિશ્વનાથ મહાદેવના મંદિરના ગર્ભગૃહમાં પણ આ મૂર્તિઓને લઈ જવામાં આવી હતી. ત્યાં શ્રી કાશી વિશ્વનાથ મહાદેવની સાથે આ મૂર્તિઓને પ્રસ્થાપિત કરી અનેક દર્શનાર્થી ભક્તોની હાજરીમાં સંતો અને પંડિતો દ્વારા મૂર્તિઓનું પૂજન કરવામાં આવ્યું હતું.

## મુખ્ય સભાનો પ્રારંભ

શોભાયાત્રા બાદ મુખ્ય સમારોહની શરૂઆત થઈ, જેનું સંચાલન શ્રી કાશી વિદ્વત્ પરિષદના મંત્રી પંડિત શ્રી રામનારાયણજી કરી રહ્યા હતા.

મુખ્ય મંચ પર મધ્યમાં કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી તથા ભદ્રેશદાસ સ્વામીનું આસન રાખવામાં આવ્યું હતું. સાથે ૧૦ અતિ મૂર્ધન્ય વિદ્વાનો મુખ્ય મંચ પર બિરાજ્યા હતા. વૈદિક તથા પૌરાણિક મંગલાચરણથી સભાનો આરંભ થયો. કોઠારી સ્વામીનો પરિચય મુનિવત્સલદાસ સ્વામીએ આપ્યો. ત્યારબાદ શ્રી કાશી વિદ્વત્ પરિષદ દ્વારા કોઠારી સ્વામીનું સ્વાગત કરવામાં આવ્યું. ભદ્રેશદાસ સ્વામીએ ઉપસ્થિત મંચસ્થ વિદ્વાનોનું સ્વાગત કર્યું.

## મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીનું અલંકરણ

આજના સમારોહના પ્રથમ સોપાન રૂપે શ્રી કાશી વિદ્વત્ પરિષદ દ્વારા ભદ્રેશદાસ સ્વામીનું વિશિષ્ટ બહુમાન કરવામાં આવ્યું હતું. બહુમાન પૂર્વે શ્રી કાશી વિદ્વત્ પરિષદના ઉપાધ્યક્ષ અને સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના વેદાંત વિભાગના અધ્યક્ષ પંડિત શ્રી રામકિશોર ત્રિપાઠીજીએ

પ્રવચન દ્વારા ભદ્રેશદાસ સ્વામીની વિદ્વત્તાનો પરિચય સૌ વિદ્વાનોને કરાવ્યો. મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીએ કરેલી દાર્શનિક રચનાઓમાં ગુરુકૃપા અને ગુરુના આશીર્વાદ મુખ્ય રહ્યાં છે તે તથ્ય તેમણે સૌ વિદ્વાનો સમક્ષ રજૂ કર્યું.

ત્યારબાદ મહામહોપાધ્યાય પંડિત વશિષ્ઠ ત્રિપાઠીજીએ અક્ષરપુરુષોત્તમ દર્શનની અન્ય દર્શનોથી વિલક્ષણતા તથા ભદ્રેશદાસ સ્વામીની દાર્શનિક વિશિષ્ટ ઉપલબ્ધિઓ તથા વિશિષ્ટ વિદ્વત્તા અંગે પોતાના અનુભવો સૌ પંડિતોને જણાવ્યા. સાથે સાથે ભદ્રેશદાસ સ્વામીને શ્રી કાશી વિદ્વત્ પરિષદ આજે **'દર્શનશાસ્ત્ર-સાર્વભૌમ'** એવા વિશિષ્ટ અલંકરણથી સન્માનિત કરે છે તે વાતની ઘોષણા કરી. ભદ્રેશદાસ સ્વામીને આ વિશિષ્ટ અલંકરણથી શા માટે સન્માનિત કરવામાં આવે છે તે અંગે પણ તેમણે શ્રી કાશી વિદ્વત્ પરિષદના અભિપ્રાયો સભા સમક્ષ રજૂ કર્યા. ત્યારબાદ તેમણે જ ભદ્રેશદાસ સ્વામીને અર્પણ કરવામાં આવનાર સન્માનપત્રનું પઠન કર્યું.

ત્યારબાદ શ્રી કાશી વિદ્વત્ પરિષદના વરિષ્ઠ વિદ્વાનોએ ભદ્રેશદાસ સ્વામીને **'દર્શનશાસ્ત્ર-સાર્વભૌમ'** અલંકરણ અર્પણ કર્યું ત્યારે સૌએ તાળીઓ અને જયઘોષથી આ અવસરને વધાવી લીધો. શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ તથા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિઓને અલંકરણ અર્પણ કરી પૂજ્ય કોઠારી સ્વામીની સાથે ભદ્રેશદાસ સ્વામીએ **'દર્શનશાસ્ત્ર-સાર્વભૌમ'** એ અલંકરણનો સ્વીકાર કર્યો.

## 'અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠ'ની સ્થાપના

હવે આજની વિદ્વત્ સભાના મુખ્ય કાર્યક્રમનો આરંભ થઈ રહ્યો હતો – 'અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠ'ની સ્થાપના. પ્રવક્તા દ્વારા આ કાર્યક્રમની જાહેરાત થઈ. સૌ વિદ્વાનોને અક્ષરપુરુષોત્તમ મહારાજના પૂજન-અર્ચન માટે આગળ બોલાવવામાં આવ્યા. ભદ્રેશદાસ સ્વામી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ લઈને મંચની મધ્યમાં ઊભા રહ્યા. કોઠારી ભક્તિપ્રિદાસ સ્વામીએ વૈદિક મંત્રગાનની વચ્ચે મૂર્તિઓને હાર પહેરાવી, ચંદનના ચાંદલા કરી પૂજન કર્યું. સાથે વિદ્વાનો દ્વારા પણ અક્ષરપુરુષોત્તમ મહારાજનું ભાવપૂર્વક પૂજન થયું. સૌ વિદ્વાનો અક્ષરપુરુષોત્તમ મહારાજને વધાવવા ખૂબ ઉત્સાહિત હતા. એક એક વિદ્વાન મૂર્તિ સમક્ષ આવી ભાવપૂર્વક દર્શન કરી મૂર્તિઓનું પૂજન કરતા હતા. સભામાં ઉપસ્થિત સૌ વિદ્વાનોને પુષ્પો આપવામાં આવ્યાં અને સૌએ મંત્રપુષ્પાંજલિ દ્વારા અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું. ત્યારબાદ વૈદિક મંત્રોના ગાન સાથે કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ 'અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠ'માં પ્રતિષ્ઠિત થનાર અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓની આરતી કરી.

આ પ્રસંગે પ્રસિદ્ધ વિદ્વાન શ્રી દિનેશ ગર્ગજીએ અક્ષરપુરુષોત્તમ દર્શન પર 'અક્ષરધામાષ્ટકમ્' નામે એક અષ્ટકની રચના કરી હતી. તેમણે સ્વમુખે અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા સભા સમક્ષ ગાન કરીને આ અષ્ટકને અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરણોમાં અર્પણ કર્યું.

ત્યારબાદ કાશીના તમામ વિદ્વાનો વતી આ અક્ષર-પુરુષોત્તમ દર્શન પીઠનું સ્વાગત કરવા, તેનું સમર્થન કરવા અને તેની વિધિવત્ ઘોષણા કરવા કાશીના વરિષ્ઠતમ વિદ્વાન તથા અખિલ ભારતીય વિદ્વત્ પરિષદના અધ્યક્ષ પંડિત શ્રી જયશંકરલાલ ત્રિપાઠી આગળ આવ્યા.

'હમણાં જે આ અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠની સ્થાપના થઈ, એમાં કાશીનું વિદ્વદ્ મંડળ પોતાનું સમર્થન કરે છે. આ વિષયના ઘોષણાપત્રનું હવે હું પઠન કરું છું, એમ કહી તેમણે ઘોષણાપત્રનું વાંચન કરતાં કહ્યું –

'પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શન એક વૈદિક સનાતન, સ્વતંત્ર, મૌલિક દર્શન છે.

આ તથ્ય સ્વામી ભદ્રેશદાસ રચિત પ્રસ્થાનત્રયી ભાષ્ય ગ્રંથોમાંથી અવગત થાય છે.

શ્રી કાશીમાં અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત ઇત્યાદિ વૈદિક સનાતન દર્શનોની પીઠ તો છે, પરંતુ આજે પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ દર્શનની પીઠ પણ પ્રસ્થાપિત થઈ રહી છે એ અમારા સૌભાગ્યની વાત છે. હું આજે કાશીના સમસ્ત વિદ્વદ્વર્યો તરફથી આ પીઠનું શ્રી કાશીમાં સાનંદ, સાદર અને સ્નેહપૂર્ણ સમર્થનની સાથે સ્વાગત કરું છું.'

આમ ઘોષણાપત્રનું વાચન કરી અંતે 'નમઃ પાર્વતીપતયે હર હર મહાદેવ'નો નાદ કર્યો.

આ સાથે જ ઉપસ્થિત સૌ વિદ્વાનોએ પણ તાળીનાદથી આ 'અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠ'ની સ્થાપનાને વધાવી લીધી. આમ વિદ્વાનોના સમર્થન અને ઉત્સાહની વચ્ચે કાશીમાં 'અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠ'ની સ્થાપના થતાં એક ઐતિહાસિક એવં અભૂતપૂર્વ કાર્ય સંપન્ન થયું.

## અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠનું સ્વાગત

અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠની સ્થાપના પ્રસંગે ભદ્રેશદાસ સ્વામીએ સૌ વિદ્વાનોને જણાવ્યું કે આજે એક દાર્શનિક પીઠની, તત્ત્વજ્ઞાનની પીઠની સ્થાપના કાશીમાં સૌ વિદ્વાનોની ઉપસ્થિતિમાં થઈ રહી છે. તો આ દાર્શનિક પીઠનું સ્વાગત વિદ્વાનો સિવાય અન્ય કોણ કરી શકે! માટે આજે હું કેટલાક શ્લોકો બોલીશ. જેના ઉત્તરાર્ધના શબ્દો છે – 'સ્વાગતં

સ્વાગતં કાશ્યામ્ અક્ષરપુરુષોત્તમ' અર્થાત્ 'હે અક્ષર-પુરુષોત્તમ મહારાજ! આપનું કાશીમાં સ્વાગત છે, સ્વાગત છે...' આ ઉત્તરાર્ધના શબ્દોનું ઉચ્ચારણ કરી આપ સૌ આ પીઠના સ્વાગતમાં શામેલ થશો.' આમ કહી ભદ્રેશદાસ સ્વામીએ અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠાના શ્લોકોનું ગાન કર્યું, જેના ઉત્તરાર્ધના પૂર્વોક્ત શબ્દોનો ઊંચા સાદે ઉદ્‌ઘોષ કરી સૌ વિદ્વાનોએ કાશી નગરીમાં સાક્ષાત્ અક્ષરપુરુષોત્તમ મહારાજનું અને અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠનું ઉમળકાભેર સ્વાગત કર્યું.

આ વિશિષ્ટ પ્રસંગે વેદાંત, સાહિત્ય તથા નાટ્યશાસ્ત્રના જગવિખ્યાત વિદ્વાન શ્રી કમલેશદત્ત ત્રિપાઠીજી, શ્રી કાશી વિદ્વત્ પરિષદના મહામંત્રી મહામહોપાધ્યાય શ્રી શિવજી ઉપાધ્યાય તથા અન્ય વિદ્વાનોએ ભાવોર્મિઓ વ્યક્ત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ઉપસ્થિત સૌ વિદ્વાનોએ શ્રી અક્ષર-પુરુષોત્તમ દર્શન પીઠની સ્થાપનાને ઐતિહાસિક સમર્થન આપતાં પોતાના હસ્તાક્ષર કર્યા હતા.

## કાશીસ્થ વિદ્વાનોનું અલંકરણ

આ રીતે અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠની ભવ્યતા અને દિવ્યતા સાથે વિદ્વદ્ નગરી કાશીમાં સ્થાપના થઈ ગઈ.

ત્યારબાદ આજના સમારોહનું અંતિમ ચરણ હતું – કાશીના વિદ્વાનોનું સન્માન.

ન્યાય, વ્યાકરણ, વેદાંત, જ્યોતિષ, સાહિત્ય, આયુર્વેદ, શિલ્પશાસ્ત્ર, મીમાંસા, સાંખ્ય, યોગ, જેવા શાસ્ત્રીય વિષયોમાં પોતપોતાના ક્ષેત્રમાં નિપુણ એવા ૧૨૫ જેટલા વિદ્વદ્‌વર્યોનું સન્માન આજ બી.એ.પી.એસ. સંસ્થા વતી કરવામાં આવનાર હતું. આ વિદ્વાનોમાંથી ૪૦ જેટલા વિદ્વાનો તો જે તે ક્ષેત્રના વિશ્વના અજોડ વિદ્વાનો હતા. તેમાં જે વરિષ્ઠતમ વિદ્વાનો હતા તેમને **'કાશીવિદ્વદ્‌ગૌરવ'** નામના અલંકરણથી સન્માનિત કરવામાં આવ્યા હતા. અન્ય મૂર્ધન્ય વિદ્વાનોને **'કાશીવિદ્વદ્‌ભૂષણ'** નામના અલંકરણથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત અન્ય સૌને હાર-શાલ વગેરેથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન પૂજ્ય કોઠારી સ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ એક ઐતિહાસિક સમૂહ છબિ માટે ઉપસ્થિત સૌ વિદ્વાનોને મંચ પર આહ્‌વાન અપાયું. ખરેખર આ એક અભૂતપૂર્વ ઘટના હતી! કારણ કે ઇતિહાસમાં પહેલી વખત કાશીના આ સૌ વિદ્વાનો આટલા મોટા સમૂહમાં એક મંચ પર ઉપસ્થિત થઈ રહ્યા હતા.

સૌ વિદ્વાનો મંચ પર ઉપસ્થિત થયા. સૌએ હર્ષોલ્લાસ સાથે જયનાદ કર્યો. આ ઐતિહાસિક અને અવિસ્મરણીય પળને કેમેરામાં કેદ કરી લેવામાં આવી.

ત્યારબાદ ભદ્રેશદાસ સ્વામીએ પોતાના વક્તવ્યમાં આજના સમગ્ર સમારોહનો શ્રેય પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાન, ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં ચરણે સમર્પિત કર્યો.

## અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠની ઘોષણા

ત્યારબાદ કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ ગુણાતીતં ગુરું પ્રાપ્ય એ શ્લોકથી પોતાના વક્તવ્યનો આરંભ કરીને કાશીમાં શ્રી અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠની બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી વિધિવત્ ઘોષણા કરી અને ઉપસ્થિત સૌ પંડિતોને આશીર્વાદ આપ્યા. તેમણે કહ્યું: "અક્ષરપુરુષોત્તમ દર્શન એક મૌલિક, વિશિષ્ટ, સ્વતંત્ર, વૈદિક સનાતન દર્શન છે. આ દર્શનને સ્વયં પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાને આ ભૂમંડળ ઉપર પ્રસ્થાપિત કર્યું હતું. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીથી લઈને સાંપ્રત કાળમાં પૂજ્ય મહંત સ્વામી મહારાજના રૂપમાં વિદ્યમાન અક્ષરબ્રહ્મ ગુણાતીત ગુરુઓની ગુરુપરંપરા દ્વારા આ દર્શનનું અવિરત અને અખંડિત સંરક્ષણ, પોષણ, સંવર્ધન અને પ્રવર્તન થઈ રહ્યું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના તૃતીય આધ્યાત્મિક અનુગામી બ્રહ્મસ્વરૂપ યજ્ઞપુરુષદાસજી અર્થાત્ શ્રી શાસ્ત્રીજી મહારાજે જ પરબ્રહ્મ સ્વામિનારાયણનાં વચનામૃતોમાં સમુપદિષ્ટ તત્ત્વજ્ઞાનને 'અક્ષરપુરુષોત્તમ' એ નામાભિધાનથી સર્વપ્રથમ જગવિખ્યાત કર્યું હતું. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે જ સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પ અને આદેશ અનુસાર વૈદિક સનાતન શાસ્ત્રોમાં પ્રકીર્તિત એવા અક્ષર અને પુરુષોત્તમ આ બે દિવ્ય તત્ત્વોની પ્રતિમાઓને ભવ્ય ગગનચુંબી મંદિરોમાં પ્રસ્થાપિત કરી સમગ્ર વૈદિક સનાતન સિદ્ધાંતને જ અક્ષરપુરુષોત્તમ દર્શનના રૂપમાં મૂર્તિમાન કરી દીધો છે.

બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજે અવિરત વિચરણ કરી આ સનાતન સિદ્ધાંતનું સમગ્ર ભૂમંડળમાં વિસ્તાર કર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે જ અમારા સંત શ્રી ભદ્રેશદાસ સ્વામીજીને આ અક્ષરપુરુષોત્તમ દર્શનને શાસ્ત્રીય રીતથી પ્રતિપાદન કરવાના હેતુથી સંપૂર્ણ પ્રસ્થાનત્રયી પર અર્થાત્ ઉપનિષદ્, ભગવદ્‌ગીતા અને બ્રહ્મસૂત્રો પર ભાષ્યની રચના કરવાની આજ્ઞા આપી હતી. ભદ્રેશદાસ સ્વામીએ ગુરુહરિની આ સાક્ષાત્ આજ્ઞાને શિરોધાર્ય કરી સંપૂર્ણ પ્રસ્થાનત્રયી પર સ્વામિનારાયણ ભાષ્યનું પ્રણયન કર્યું. સાથે સાથે પ્રગટ ગુરુહરિ શ્રી મહંત સ્વામી **(અનુસંધાન પૃ. ૩૧ પર)**

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા



## નડિયાદ, મોરબી ને અમદાવાદમાં અધ્યાત્મ-જ્ઞાનનો પ્રવાહ વહાવતા સ્વામીશ્રી...

*પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ જ્ઞાન સનાતન અને વૈદિક છે. અનાદિકાળથી શાસ્ત્રોમાં ગૂઢ રીતે ગૂંથાયેલા આ જ્ઞાનને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ઉજાગર કર્યું. ઉપાસનાનાં દિવ્ય મંદિરો રચી, તેમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી આ જ્ઞાનને જગ છતરાયું કર્યું. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પડઘમ વિશ્વભરમાં ગુંજાવ્યા. વર્તમાનકાળે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, ગુરુવર્યોના પગલે પગલે સત્સંગ વિચરણ કરીને ગુણાતીત ગુરુવર્યોએ ખીલવેલા જ્ઞાનબાગને પોષણ આપી રહ્યા છે.*

*વિશ્વના ખૂણે ખૂણે રચાયેલાં બી.એ.પી.એસ. સંસ્થાનાં મંદિરોમાં ગુંજતો અક્ષરપુરુષોત્તમનો નાદ આબાલ-વૃદ્ધ સૌમાં દિવ્ય ચેતનાનો સંચાર કરે છે. તેમાં વળી, પ્રગટ સત્પુરુષનું સાંનિધ્ય સાંપડતાં સૌ ગુરુહરિની છત્રછાયામાં બ્રહ્મનો આનંદ માણે છે. સર્વત્ર દિવ્યાનંદ અને ભક્તિનો માહોલ છવાઈ જાય છે. સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાતી વિવિધ ભક્તિદિનની સત્સંગ સભાઓમાં બાળકો-કિશોરો-યુવકો-કાર્યકરો વિવિધ પ્રેરણાત્મક કાર્યક્રમો રજૂ કરી ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કરે છે. તાજેતરમાં સ્વામીશ્રીએ નડિયાદ, મોરબી અને અમદાવાદમાં આપેલા દિવ્ય સત્સંગલાભનું અહીં આચમન કરીએ...*



## નડિયાદમાં સ્વામીશ્રીનો કૃપાલાભ...

*ભગવાન સ્વામિનારાયણ અને તેમના સંતો-ભક્તોની ચરણરજથી પાવન થયેલી ભૂમિ એટલે નડિયાદ. સાક્ષરોની ભૂમિ તરીકે ઓળખાતા નડિયાદ નગરને અવારનવાર સત્પુરુષોનો યોગ પ્રાપ્ત થયો છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અહીં શિખરબદ્ધ મંદિર અને બી.એ.પી.એસ. છાત્રાલય રચીને બ્રહ્મવિદ્યાની ગંગા વહાવી છે. તેઓના સંકલ્પે નડિયાદની ભૂમિ પર વિશાળ નૂતન શિખરબદ્ધ મંદિરનું પરિસર આકાર લઈ રહ્યું છે. તાજેતરમાં તા. ૧૬-૫-૨૦૧૯ થી ૨૪-૫-૨૦૧૯ સુધી ત્યાં બિરાજીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે નડિયાદના ભક્તો-ભાવિકોને સત્સંગ-ભક્તિનો દિવ્ય કૃપાલાભ આપ્યો હતો.*

*સુરતથી વિદાય લઈ સ્વામીશ્રી નડિયાદ ખાતે નૂતન નિર્માણાધીન બી.એ.પી.એસ. મંદિર - 'યોગી ફાર્મ'માં પધાર્યા ત્યારે સ્વાગત સભામાં બાળવૃંદે સ્વાગત નૃત્ય દ્વારા શ્રી હરિકૃષ્ણ મહારાજ અને ગુરુહરિને વધાવ્યા હતા. સંતોએ વિવિધ કલાત્મક હારતોરાથી સ્વામીશ્રીનું અભિવાદન કર્યું હતું. સ્વામીશ્રીએ હૃદયભાવના વહાવતાં કહ્યું: 'તમે બધાએ સ્વાગત કર્યું તે મહારાજ-સ્વામીને પહોંચ્યું. આપણે તો દાસના દાસ છીએ. બધાને જય સ્વામિનારાયણ!'*

*નડિયાદ ખાતેના સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન ચરોતરનાં વિવિધ મંદિરોના મહંતો તથા રાજકીય અગ્રણીઓએ સ્વામીશ્રી સાથે મુલાકાત કરી તેઓને સવંદન વધાવ્યા હતા.*

*સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાતી નિત્ય સાયંસભા ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે પણ હકડેઠઠ ભક્તોથી ઊભરાતી હતી. તા. ૨૩-૫-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ પણસોરા(નડિયાદ), મેલબર્ન(સાઉથ ઝોન, ઓસ્ટ્રેલિયા) અને સોખડા(સાંકરદા)માં રચાયેલાં બી.એ.પી.એસ. મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. સાથે સાથે સ્વામીશ્રીએ ચુણેલ(નડિયાદ) અને બામણવા(ખંભાત)નાં મંદિરોની ઈષ્ટિકાઓનું પણ વૈદિક પૂજન કર્યું હતું.*

*નડિયાદમાં સ્વામીશ્રીએ આપેલા દિવ્ય સત્સંગલાભની એક ઝાંખી અહીં પ્રસ્તુત છે.*

### છાત્રાલય દિન

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા ને પુરુષાર્થથી નડિયાદ ખાતે રચાયેલું અક્ષરપુરુષોત્તમ છાત્રાલય, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહ્યું છે.

તા. ૧૮-૫-૨૦૧૯ના રોજ અક્ષરપુરુષોત્તમ છાત્રાલયના છાત્રોએ 'છાત્રાલય દિન'ની ઉજવણી કરી ગુરુહરિનો રાજીપો ઝીલ્યો હતો.

સભાના સમગ્ર કાર્યક્રમમાં છાત્રાલયનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું

હતું. જેમાં, દર્શાવાયું કે બી.એ.પી.એસ. છાત્રાલયના અને અન્ય યુવકોના જીવનમાં કેટલો ફેર છે! બહાર મોજશોખ છે, વ્યસન છે, વિકૃત રીતે ઊજવાતા તહેવારો છે, જ્યારે છાત્રાલયમાં ભજન-ભક્તિ, સેવા, સત્સંગ વગેરે જીવનને ઉન્નત બનાવતાં મૂલ્યો શીખવવામાં આવે છે.

સંસારના કેવા કેવા પ્રશ્નો છે, તે દર્શાવતો એક સંવાદ રજૂ થયો. તેના અંતે સ્વામીશ્રીને પ્રશ્ન પુછાયો: 'આવા ભયંકર પ્રશ્નોથી ઊગરવાનો કોઈ ઉપાય છે?' સ્વામીશ્રીએ ઉત્તર આપ્યો, 'ઘરસભા.'

ત્યારબાદ છાત્રાલયની ખૂબ પ્રસિદ્ધ કવ્વાલી 'આ સૂરજ પૂછે છે કે ચાંદો પૂછે છે પ્રમુખસ્વામી શું છે? મહંત સ્વામી શું છે?' છાત્રાલયના છાત્રોએ ખૂબ સુંદર રીતે પ્રસ્તુત કરી.

કવ્વાલીમાં પુછાયેલા 'મહંત સ્વામી શું છે?' પ્રશ્નનો ઉત્તર આપતાં સ્વામીશ્રી કહે, 'સ્વામિનારાયણ ભગવાનનો દાસ છું અને સંતો-હરિભક્તો-યુવકો બધાનો દાસનો દાસ છું...' ત્યારબાદ આશીર્વચનમાં કહે: ''આ છાત્રાલય ભલે ઉપરથી દેખાવમાં સામાન્ય લાગે, પણ તેમાંથી સાચું જ્ઞાન મળે છે, જેનાથી તમે સુખી થાવ. જે જ્ઞાની હોય, સત્સંગી હોય તેને ધીરજ રહે. ભગવાનનો આશરો હોય, ભગવાનની દૃઢતામાં માને એને લીધે તેને ધીરજ અને શાંતિ રહે.

તમે છાત્રાલયમાં રહો છો, પણ સત્સંગ તો કરવો જ પડે, ન કરો તો ઘણું બધું અધૂરું છે. સત્સંગથી ભગવાનનો આશરો થાય. ભગવાનનો દૃઢ વિશ્વાસ અને આશરો હોય તો શું બાકી રહે? એવાને ચિંતા જ નહીં. ભગવાનને કર્તા માને એટલે સ્થિર-ધીર રહે. સત્સંગ કરે તો આ બધું થાય. એટલે સત્સંગ મન દઈને, વિશ્વાસ રાખીને કરવાની વાત છે 'મહારાજ-સ્વામી અને સત્પુરુષ સાચા છે' એવો વિશ્વાસ હોય તો નિશ્ચિંત રહેવાય.''

## આજ્ઞાપાલન દિન

તા. ૧૯-૫-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી આજ્ઞાપાલન દિનની વિશિષ્ટ સભામાં 'નિયમપાલનની દૃઢતા' સંવાદ રજૂ થયો હતો. સંવાદમાં શ્રી ગુલઝારીલાલ નંદાજીના આજ્ઞાપાલનના વિવિધ પ્રસંગો રજૂ થયા હતા.

સંવાદના અનુસંધાનમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''શ્રીજી-મહારાજને આજ્ઞા પળાવવા પર બહુ તાન છે. આપણે નિયમ રાખ્યા હોય તો તે સારધાર પાળવા જોઈએ, તો સુખી થવાય ને ભગવાન અતિશય રાજી થાય. કરોડો જન્મ મનધાર્યું કર્યું છે, પણ હવે નિયમ પાળવા અને નિયમમાં રહે એ જ સત્સંગી કહેવાય. નિયમો સીધા સાદા જ છે, પણ મનમાં ધાર્યું નથી એટલે અઘરા લાગે છે. નંદાજીના માથે એટલી બધી જવાબદારીઓ હતી છતાં નિયમો સારધાર પાળતા! આપણે આમાંથી પ્રેરણા લેવાની છે અને નિયમ પાલનની દૃઢતા વધારવાની છે.

યોગીબાપા કહેતા, 'આપણે એવું વર્તન ન રાખવું કે જેથી ગુરુની લાજ જાય.' આપણને ગુરુએ સ્વીકાર્યા, નહીં તો આપણી લાયકાત શું? સામાન્ય નોકરીમાંય કેટલા ઈન્ટરવ્યૂ લે છે? ગુરુ તો સાચા જ છે, પણ આપણે પોલ ચલાવીએ. પણ 'પોલ ન ચલાવીએ ને નિયમમાં રહીએ' એ ભગવાનની ખાસ ઈચ્છા છે. મનમાં ધારવું કે 'નિયમ સાચા છે, ભગવાનના આપેલા છે' એવી રીતે પ્રેમપૂર્વક નિયમ પાળીએ એ પ્રાર્થના.''

આજે સાંજે સભામાં પધારતાં પૂર્વે સ્વામીશ્રી નડિયાદના પ્રસિદ્ધ શ્રી સંતરામ મંદિરે પધાર્યા હતા. મંદિરના વરિષ્ઠ સંત નિર્ગુણદાસજી તથા સંતોએ સ્વામીશ્રીને આવકાર્યા. સ્વામીશ્રીએ સંતરામ મહારાજના સમાધિસ્થાનનાં અને લક્ષ્મણદાસજી મહારાજની સમાધિએ દર્શન કર્યાં. મંદિરમાં ભક્તોની ભારે ભીડ ઊમટી હતી, તે સૌને દૃષ્ટિઆશિષ અર્પ્યા. મંદિરના ગાદિપતિ શ્રી રામદાસજી મહારાજે અને સ્વામીશ્રીએ અરસપરસ હાર અને શાલ અર્પણ કર્યા. શ્રીજીમહારાજથી લઈને પ્રમુખસ્વામી મહારાજ સુધીના આ ગાદી સાથેના સંબંધો તથા પ્રસંગોની સ્મૃતિઓ થઈ. અંતે રામદાસજી મહારાજ સ્વામીશ્રીને વળાવતાં કહે, 'આપનાં દર્શન કરીને આનંદ થયો. ફરી આવો ત્યારે દર્શન આપજો.' સ્વામીશ્રી ખૂબ પ્રસન્નતા દર્શાવી, વિદાય લઈ નડિયાદ સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પધાર્યા. ખૂબ ભાવથી દર્શન તથા પ્રદક્ષિણા કર્યા.

અહીંથી અક્ષરપુરુષોત્તમ છાત્રાલયમાં પધાર્યા. પ્રવેશમાં જ વિરાજિત પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિને વંદન કરી છાત્રાલયની લોનમાં બિરાજ્યા. છાત્રોના આનંદનો પાર નહોતો. બધા વિદ્યાર્થીઓ આનંદ અને ઉત્સાહથી સ્વામીશ્રીની સામે ગોળાકારે વીંટળાઈ વળ્યા. સ્વામીશ્રીએ ખૂબ સુંદર પ્રેરણાવચનો કહ્યાં. છાત્રોએ ઉમંગથી તે ગાંઠે બાંધી દીધાં.

## સમર્પણ દિન

તા. ૨૩-૫-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં 'સમર્પણ દિન' નિમિત્તે સત્સંગ સભા યોજાઈ હતી. સંતો અને ત્યાગવલ્લભદાસ સ્વામીનાં ઉદ્‌બોધનો બાદ આજનો મુખ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ 'સમર્પણથી

શાંતિ' રજૂ થયો. જેમાં, બી.એ.પી.એસ. મંદિરોના નિર્માણમાં ભક્તોના સમર્પણની ગાથાઓ પ્રસ્તુત થઈ હતી.

સંવાદની સમાપ્તિ બાદ સૌ પર શુભાશિષ વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું : ''દાનનું અનંતગણું ફળ મળે છે. થોડી શ્રદ્ધા રાખવી પડે. કચવાતે મને આપો તે કામ ન કરે, શ્રદ્ધાથી આપો તે કામ કરે.

આ મંદિર માટે સમય કાઢવો ને દાન પણ કરવું. ગમે એટલી મહેનત કરો, મોક્ષ ન મળે. પણ શ્રીજીમહારાજના વચન પ્રમાણે રહીએ તો રોકડો મોક્ષ. આપણે તો બધા મુમુક્ષુ છીએ. ધામધૂમથી આ મંદિર થશે, અહીં મોટું કૅમ્પસ થઈ જશે, ઘણી બધી પ્રવૃત્તિઓ થશે.''

સભામાં પધારતાં પૂર્વે સ્વામીશ્રીએ ધરમસિંહ દેસાઈ યુનિવર્સિટીમાં અને યુનિવર્સિટીના પરિસરમાં જ નવા શરૂ થયેલા M.B.B.S. વિભાગ અને હૉસ્પિટલમાં પગલાં કરી તેને પાવનતા બક્ષી હતી. યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર અને માલિક શ્રી એચ. એમ. પટેલ અને તેમના સુપુત્ર(યુનિવર્સિટીના વર્તમાન સંચાલક) શ્રી અંકુરભાઈ પટેલને આશીર્વાદ આપ્યા હતા.

તા. ૨૪-૫-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ નડિયાદ ખાતે નિર્માણ પામી રહેલા શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરના નિર્માણકાર્યનું પરીક્ષણ કરી શ્રી હરિકૃષ્ણ મહારાજની કૃપાદૃષ્ટિ કરાવી હતી. ઘુમ્મટનો પથ્થર, આમલસારા અને દ્વારશાખનું પૂજન કર્યું હતું. મંદિરની સંરચના અને વિકાસયોજના જોઈ પ્રસન્ન થયેલા સ્વામીશ્રીએ નિર્માણમાં જોડાયેલા સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા હતા.

નડિયાદ ખાતે નવ દિવસના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ સૌને વિશેષ સત્સંગ-ભક્તિનો કૃપાલાભ આપી સારંગપુર પ્રતિ પ્રયાણ કર્યું હતું.

## સારંગપુરમાં સ્વામીશ્રી...

તા. ૨૪-૫-૨૦૧૯ના રોજ સ્વામીશ્રી તીર્થધામ સારંગપુર પધાર્યા હતા. અહીં પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ અને વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે સ્વામીશ્રીના સાંનિધ્યમાં અખિલ ભારતીય બાળ-બાલિકા અને યુવા-યુવતી અધિવેશન યોજાવાનું હતું. ગુરુહરિના આગમનથી સંતો-ભક્તોના ઉત્સાહનો પાર ન રહ્યો. સંતો-સાધકોએ ઉનાળાની કાળઝાળ ગરમીમાં ખૂબ સેવાઓ વચ્ચે વિવિધ તપ-વ્રત કરી ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

તા. ૨૬-૫-૨૦૧૯ના રોજ 'બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય'ના નૂતન ભવનનું સ્વામીશ્રીએ ઉદ્‌ઘાટન કર્યું હતું.

તા. ૨૮-૫-૨૦૧૯ થી તા. ૧-૬-૨૦૧૯ દરમ્યાન યોજાયેલા બાળ અધિવેશનમાં ભાગ લેવા આવેલા બાળકોને સ્વામીશ્રીએ દર્શન-આશિષનું અનન્ય સુખ આપી અપાર વાત્સલ્ય વરસાવ્યું હતું. તા. ૩ જૂન થી ૮ જૂન દરમ્યાન યોજાયેલા અખિલ ભારતીય યુવા અધિવેશનના બંને સોપાનમાં તથા શિબિરમાં સૌ પર અપાર રાજીપો વરસાવી સ્વામીશ્રીએ અંતરના આશિષ પાઠવ્યા હતા.

અખિલ ભારતીય અધિવેશનમાં ભાગ લેવા દેશના ખૂણે ખૂણેથી આવેલા તમામ બાળકો તથા યુવકોને સ્વામીશ્રીના રાજીપાનું ઇનામ પ્રાપ્ત થયું હતું. આ અધિવેશનોનો વિશેષ અહેવાલ 'સ્વામિનારાયણ પ્રકાશ'ના ગતાંકમાં પ્રકાશિત થઈ ચૂક્યો છે.

તા. ૯-૬-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીએ યુવા તાલીમ કેન્દ્રના નૂતન સત્રનો મંગલ પ્રારંભ કર્યો હતો. વળી, આજે સ્વામીશ્રીએ પાલિતાણા (ભાવનગર) ને મૂળી (સુરેન્દ્રનગર)ના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કરી આરતી ઉતારી હતી.

સારંગપુર ખાતે સતત ૧૯ દિવસ દિવસ સુધી સત્સંગ-ભક્તિની છોળો ઉડાડી સ્વામીશ્રીએ મોરબી જવા વિદાય લીધી હતી.





# સૌરાષ્ટ્રની ઉદ્યોગનગરી મોરબીની ધરા પર નૂતન શિખરબદ્ધ મંદિરનો શિલાન્યાસ...

*પ્રાચીન સમયમાં મયૂરપુરી તરીકે ઓળખાતું મોરબી શહેર આજે ગુજરાતની ઉદ્યોગનગરી તરીકે પંકાયેલું છે.*

*પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણનાં ચરણારવિંદથી પાવન થયેલી આ શહેરની ભૂમિ પર પધારીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ભક્તો-ભાવિકોને દિવ્ય સત્સંગ લાભ આપ્યો છે. સન ૧૯૭૯માં મચ્છુ ડેમના જળપ્રવાહથી તારાજ થયેલા અસંખ્ય લોકોને પ્રમુખસ્વામી મહારાજે પ્રેમાળ હૂંફ આપી તેઓનાં આંસુ લૂછ્યાં હતાં. રાહતકાર્ય અને રસોડાં શરૂ કરી પ્રમુખસ્વામી મહારાજે નાતજાત-ધર્મના ભેદભાવ વિના સૌની આંતરડી ઠારી હતી.*

*બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અહીંના ભક્તોને અક્ષરપુરુષોત્તમ મહારાજનાં દર્શનનું અને સત્સંગનું વિશેષ સુખ મળે તે માટે શિખરબદ્ધ મંદિર કરવાનો સંકલ્પ અને અત્યંત પુરુષાર્થ કર્યો હતો. તેમના સંકલ્પે સંપાદિત થયેલી ભૂમિ પર ભવ્ય મંદિરના નિર્માણનો મંગલ આરંભ કરવા માટે તેઓના સ્વરૂપસમા મહંત સ્વામી મહારાજ તા. ૧૧-૬-૨૦૧૯ના રોજ સારંગપુરથી વિદાય લઈ મોરબી પધાર્યા હતા.*

*ગુરુહરિના આગમનથી સૌનાં હૈયાં હરખથી પુલકિત થઈ ઊઠ્યાં હતાં. સ્વાગત-સભામાં ઉપસ્થિત મોરબી શહેરના પ્રતિષ્ઠિત અગ્રણીઓ, હજારો ભક્તો-ભાવિકો સ્વામીશ્રીનાં દર્શનથી ધન્યતાથી છલકાઈ ઊઠ્યા હતા. ત્યાગવલ્લભદાસ સ્વામી અને ઈશ્વરચરણદાસ સ્વામી અને સ્થાનિક સંતોએ હાર પહેરાવી સ્વામીશ્રીને આવકાર્યા હતા. સભાજનોને વહાલભર્યા 'જય સ્વામિનારાયણ' કરી સ્વામીશ્રી બાજુમાં જ આવેલા 'વરમોરા ટાઈલ્સ'ના માલિક શ્રી જગદીશભાઈ વરમોરાના ભવનમાં ઉતારે પધાર્યા હતા. અહીં સ્વામીશ્રીએ નૂતન મંદિરના શિલાન્યાસ વિધિમાં પધરાવવામાં આવનાર નિધિકુંભોનું પૂજન કર્યું. તેમાં વિવિધ દ્રવ્યો તથા યંત્રો પધરાવી સૌને વિશેષ સ્મૃતિ પ્રદાન કરી હતી.*

*સ્વામીશ્રીના સાંનિધ્યમાં મોરબી ખાતે યોજાયેલા શિલાન્યાસ તથા વિવિધ સત્સંગ સભાઓનું આચમન કરીએ...*

તા. ૧૨-૬-૨૦૧૯ના રોજ મહંત સ્વામી મહારાજે સૌરાષ્ટ્રની ધરા મોરબીના આંગણે ભવ્ય નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરનો શિલાન્યાસવિધિ કરી એક વધુ ઐતિહાસિક કાર્યનો મંગલ આરંભ કર્યો હતો.

વહેલી સવારથી જ માંગલિક મુહૂર્તમાં વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં મચ્છુ નદીના કાંઠે ઝૂલતા પુલ પાસે રચાનાર નૂતન મંદિરની ભૂમિ પર શિલાન્યાસ વિધિનો આરંભ થઈ ચૂક્યો હતો. વિશાળ શમિયાણાની નીચે આરંભાયેલા શિલાન્યાસ વિધિમાં ૩૦૦૦ યજમાનો માંગલિક

વસ્ત્રાભૂષણમાં સજ્જ બની ઉત્સાહભેર જોડાયા હતા. સૌના અંતરે અનેરો આનંદ-ઉત્સાહ હતો.

આજના પ્રસંગને શોભાવવા કર્ણાટક રાજ્યના ગવર્નર શ્રી વજુભાઈ વાળા અને આ વિસ્તારના પ્રતિષ્ઠિત અગ્રણીઓ ખાસ ઉપસ્થિત હતા. સૌને પ્રેમથી મળતાં સ્વામીશ્રી મધ્ય ગર્ત સમક્ષ વિરાજ્યા. સાથે કોઠારી ભક્તિ-પ્રિયદાસ સ્વામી અને વજુભાઈ વાળા ઉત્સાહથી વિધિમાં જોડાયા. પ્રથમ ગર્ત સમક્ષ ઈશ્વરચરણદાસ સ્વામી અને વિવેકસાગરદાસ સ્વામી વિરાજ્યા તથા તૃતીય ગર્ત સમક્ષ ત્યાવલ્લભદાસ સ્વામી બિરાજી વિધિમાં જોડાયા.

મુખ્ય વિધિ આરંભાયો. વિધિને અનુસરતાં સ્વામીશ્રીએ મંદિર નિર્માણમાં જોડાયેલા શિલ્પીઓનું પૂજન કર્યું. મંદિરની મુખ્ય સેવા કરનાર દારેસલામના સંનિષ્ઠ હરિભક્ત સંદીપભાઈ ચૂડાસમાને આશીર્વાદ આપ્યા. ગર્તમાં પવિત્ર જળ, પંચામૃત, શ્રીજીમહારાજ તથા સમગ્ર ગુરુપરંપરાનાં પ્રાકટ્ય સ્થાનોની પ્રાસાદિક ભૂમિ, અબીલ-ગુલાલ-કંકુ વગેરે પધરાવ્યાં. ત્યારપછી વિધિના ક્રમમાં રજતલેલાથી સ્વામીશ્રીએ મધ્ય ગર્તમાં સિમેન્ટનું મિશ્રણ પધરાવ્યું.

બરાબર ૧૦-૨૭ વાગે મધ્ય ગર્ત પર સ્વામીશ્રી, ભક્તિપ્રિયદાસ સ્વામી તથા વજુભાઈ વાળાએ શિલા પધરાવી ત્યારે સમગ્ર વાતાવરણ અક્ષર-પુરુષોત્તમના નાદ સાથે ગુંજી ઊઠ્યું. શિલા પર ઠાકોરજી પધરાવાયા. વજુભાઈ વાળાએ શ્રીફળ વધેર્યું. તત્પશ્ચાત્ સંદીપભાઈ ચૂડાસમાના પરિવારજનોએ શ્રીફળ વધેર્યાં. છેલ્લાં બાવીસ વર્ષથી અહીં સત્સંગની સેવા કરી રહેલા હરિસ્મરણદાસ સ્વામીએ સ્વામીશ્રીના ભાલે ચાંદલો કરી અક્ષત અર્પી અર્ચા કરી. સ્વામીશ્રીએ તેમને તથા આ વિસ્તારમાં સેવા કરી રહેલા મંગલપ્રકાશદાસ સ્વામીને આશીર્વાદ અર્પ્યા. રાજકોટ મંદિરમાં સેવા આપતા અને આ મંદિર નિર્માણકાર્યમાં જોડાયેલા અન્ય સંતોને પણ સ્વામીશ્રીએ આશીર્વાદ અર્પ્યા.

આરતી તથા મંત્રપુષ્પાંજલિ બાદ સ્વામીશ્રી તથા સંતોએ યજમાનો પર આશીર્વાદરૂપે અક્ષત વરસાવી સૌને કૃતાર્થ કર્યા.

શિલાન્યાસ વિધિની પૂર્ણાહુતિ બાદ સ્વામીશ્રી, મહાનુભાવો તથા તમામ યજમાનો બાજુમાં જ રચવામાં આવેલા પ્રમુખસ્વામી સભાગૃહમાં પધાર્યા. શિલાન્યાસ મહોત્સવ નિમિત્તેની પ્રાસંગિક સભાનો પ્રારંભ રાષ્ટ્રગીતથી થયો.

આજના પ્રાસંગિક સમારોહમાં અતિથિ વિશેષ પદે ઉપસ્થિત ગવર્નરશ્રી વજુભાઈ વાળા, શ્રી મોહનભાઈ કુંડારિયા (સાંસદ), શ્રી કાન્તિભાઈ અમૃતિયા (પૂર્વ ધારાસભ્ય), શ્રી પુરુષોત્તમભાઈ સાબરિયા (ધારાસભ્ય, સુરેન્દ્રનગર) અને શ્રી બ્રિજેશભાઈ મેરજા (ધારાસભ્ય, મોરબી)ને સંતોએ હારતોરાથી સન્માન્યા.

મંદિરના મહિમાનું ગાન કરતા કીર્તન *'मंदिर ईश्वर की पहचान...'* પર મોરબીના બાળકો-યુવકોએ સુંદર ભક્તિનૃત્ય કર્યું. વિવેકસાગરદાસ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનમાં અક્ષર-પુરુષોત્તમનાં મંદિરોની ઈતિહાસ -ગાથા વર્ણવી અને ૧૯૭૯ની સાલમાં મચ્છુડેમ તૂટ્યો ત્યારે પ્રમુખસ્વામી મહારાજે કરેલી અદ્‌ભુત માનવસેવાની ગાથા વર્ણવી. ઈશ્વરચરણદાસ સ્વામીએ ઉદ્‌બોધનમાં જણાવ્યું, 'પ્રમુખસ્વામી મહારાજે અહીં પગલાં કરેલાં છે. અને તેઓનો ખાસ સંકલ્પ હતો કે અહીં મંદિર થાય. તે દિવ્ય સંકલ્પ આજે સાકાર થઈ રહ્યો છે, તેથી આજે તેઓ મહંત સ્વામી મહારાજ દ્વારા પ્રસન્નતા વરસાવી રહ્યા છે.'

આ પ્રસંગે મોરબીના રાજવી પરિવાર તરફથી પાઠવવામાં આવેલા શુભેચ્છા સંદેશનું વાંચન કરવામાં આવ્યું. ૧૦ જૂનથી ગુજરાત પર 'વાયુ' નામક વાવાઝોડાની દહેશત તોળાઈ રહી હતી. છેલ્લા બે દિવસથી તે ખૂબ ગતિથી ભયંકરરૂપે ગુજરાતના ચોક્કસ વિસ્તારો પર ત્રાટકવાની ૧૦૦ ટકા આગાહી હતી. તેનાથી રક્ષા થાય તે માટે સ્વામીશ્રી અને સૌએ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી. અહીં નોંધવું ઘટે કે સ્વામીશ્રીની પ્રાર્થના અને ધૂનના પ્રતાપથી એ ભયાનક વાવાઝોડાની દિશા ફંટાઈ ગઈ હતી અને તે સમુદ્રમાં જ શમી ગયું હતું.

આજના સમારોહના મુખ્ય અતિથિ ગવર્નર શ્રી વજુભાઈ વાળાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કહ્યું, ''બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંપ્રદાય સંસ્કારી સમાજ ઊભો કરવાનું કાર્ય કરે છે, સર્વેનું હિત ઇચ્છે છે. આવી સંસ્કારિતા જોઈને અબુધાબીમાં સરકારે જમીન આપી અને તે પણ મંદિર કરવા! આ ઓછી સિદ્ધિ નથી. માટે જમીન આપી. આ મંદિરના પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ કરીને મહંત સ્વામી મહારાજને લાખ લાખ વંદન કરીને વિરમું છું.'

અંતમાં સૌને આશીર્વાદથી અભિષિક્ત કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''યોગીબાપાએ વાત કરી 'ગુરુની લાજ ન જાય એવી રીતે વર્તવું.' એવી રીતે સંતો-હરિભક્તો મંડ્યા છે. માટે બધાને આશીર્વાદ આપવામાં આવે છે કે બધા તને, મને,



ધને સુખી થાય. વાવાઝોડા વગેરેની આપત્તિ દૂર થાય. નડે નહીં ને સુખેથી ભજન થાય. સમાજમાં શાંતિ રહે તે પ્રાર્થના.

સ્વામિનારાયણનું સંસ્કારીપણું જરા જુદું છે કે અહીં વ્યસન માત્ર નહીં. બીજા બધા સંસ્કારી હોય છે, સાથે વ્યસન પણ હોય છે. અહીં એકદમ શુદ્ધ વર્તન. શુદ્ધ વર્તન એટલે બોલવાનું, ચાલવાનું... બધામાં વિવેક હોય. એવી રીતે બધા તૈયાર થાય એ જ પ્રાર્થના.''

આમ, સૌરાષ્ટ્રની ધરા પર મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા નૂતન શિખરબદ્ધ મંદિરનું મંડાણ થતાં આ પંથકના ભક્તો-ભાવિકોના અંતરમાં હરખની હેલી ઊભરી હતી. સૌનાં મન-હૃદય ગુરુદેવને શત શત વંદી રહ્યા હતા.

## સંપ દિન

તા. ૧૪-૬-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં પ્રેરણા આપતો 'સંપ દિન' યોજાયો હતો. ધૂન-પ્રાર્થનાથી આરંભાયેલી સભામાં 'ઘરસભા' નામક પ્રેરણાદાયી સંવાદ યુવકો-હરિભક્તોએ રજૂ કર્યો હતો.

આજની આ સભામાં પધારતાં પૂર્વે સ્વામીશ્રીએ શિશુઓ, બાળકો અને નવા મુમુક્ષુઓને સમૂહ વર્તમાન ધરાવ્યાં હતાં. સ્વામીશ્રી સભાગૃહમાં મંચ પર પધાર્યા ત્યારે રાજકોટના બાળ-યુવાવૃંદે *'ઝાલર બાજે ડંકા ગાજે...'* ગીત પર નૃત્ય કરી તેઓને સત્કાર્યા.

આજની સભામાં ઉપસ્થિત શ્રી બ્રિજેશભાઈ મેરજા (ધારાસભ્ય, મોરબી), શ્રી દિનેશભાઈ ભાલાણી



(સુપ્રિન્ટેન્ડેન્ટ, મોરબી), શ્રી આર. જે માંકડિયા (કલેક્ટર, મોરબી) અને શ્રી કેતન જોષી (રેસિડેન્શિયલ એડિશનલ કલેક્ટર, મોરબી) વગેરે મહાનુભાવોએ સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. કલેક્ટર શ્રી માંકડિયા સાહેબે પોતાની ભાવોર્મિઓ વહાવતાં કહ્યું, 'મહંત સ્વામીજીના આશીર્વાદ હોય તો ઘણાં અઘરાં કામ પણ સહેલાઈથી પૂરાં થાય છે. શિલાન્યાસ વખતે ભય હતો – ભયંકર વાવાઝોડાનો. પણ મને વિશ્વાસ હતો કે ગુજરાતને તેનો ભોગ નહીં બનવું પડે. પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી આપણે તેમાંથી આબાદ બહાર આવ્યા છીએ. અને તેના માટે આપણે ધન્યતા અનુભવીએ છીએ.' બાદ ધારાસભ્ય શ્રી બ્રિજેશભાઈએ પોતાના અંતરની વાત કરતાં કહ્યું: 'મચ્છુ નદીને કાંઠે મોરબી, મંદિર અને મહંત સ્વામીજી ઉપસ્થિત છે. પ્રમુખસ્વામી મહારાજે અહીં મંદિરનું જે સ્વપ્ન સેવેલું તે આકાર લઈ રહ્યું છે. તેમાં આપણે સહયોગ આપીશું.'

અંતમાં સ્વામીશ્રીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની જીવન-ભાવનાને દૃઢાવતાં કહ્યું :

''પ્રમુખસ્વામી મહારાજે સંપ માટે ચાર કલમ આપી છે : ખમવું, ઘસાવું, મનગમતું મૂકવું અને અનુકૂળ થવું. પણ કોઈ ખમતું નથી. આ ચાર કલમમાં બધું જ આવી જાય. તેમણે ખાલી વાતો નથી કરી, તેઓ પળેપળ આ રીતે જીવન જીવ્યા છે. તેઓના યોગમાં આવે તેમને સહેજે તેઓનું જીવન જોતાં 'ખમવું, નમવું' એ બધી ખબર પડે. તેમણે બહુ મહાન સેવા કરી છે. આપણે પણ એ રીતે રહીએ. રુઆબ જમાવવાનો નથી. ભલે સત્તા ને બધું હોય, પણ નિર્માની થઈને રહેવું. જો બધાં એકબીજાને નમતા હોય તો કોઈ પ્રશ્ન જ ન રહે. કોર્ટ, કચેરી નીકળી જાય. સાસુ દીકરાની વહુને પોતાની દીકરી તરીકે સ્વીકારે તો બધા પ્રશ્ન નીકળી જાય! આમાં જરા દૃષ્ટિ જ બદલવાની છે. આ બધાં પાયાનાં મૂલ્યો છે. આપણે તેના પર જવું.

પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવ્યા તે બધા સુખિયા થયા છે. તેઓને એવી સમજણ આવી છે કે મુશ્કેલી આવે તોપણ તે સમજણથી ઉલ્લંઘી જાય છે. પ્રમુખસ્વામી મહારાજે આપણને, આ સમાજને ઘણુંબધું આપ્યું છે. આપણે તેઓના પગલે-પગલે ચાલીએ.''

મંદિર શિલાન્યાસ મહોત્સવ નિમિત્તે યોજાયેલા રક્તદાન યજ્ઞમાં ભક્તો-ભાવિકોએ ૬૨,૬૫૦ સીસી રક્તદાન કરી સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

તા. ૧૫-૬-૨૦૧૯ના રોજ યોજાયેલી સમર્પણ દિન નિમિત્તેની સભામાં મોરબીના ભાવિક ભક્તોએ શ્રી હરિકૃષ્ણ મહારાજની રજતતુલા કરી ઈષ્ટદેવ પ્રત્યે પોતાનો ભક્તિભાવ અદા કર્યો હતો. સ્વામીશ્રીએ સૌના ભક્તિભાવને બિરદાવી અંતરના આશીર્વાદ આપ્યા હતા.

## શ્રદ્ધા દિન

તા. ૧૬-૬-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં યોજાયેલી સત્સંગસભા 'શ્રદ્ધા દિન' નિમિત્તેની વિશિષ્ટ સભા બની રહી હતી.

સભાનો કેન્દ્રવર્તી વિચાર હતો - *'કરીએ મંદિર ઉમંગે.'* આ જ વિષયને કેન્દ્રમાં રાખીને મંદિરના માહાત્મ્યને દર્શાવતા વિવિધ કાર્યક્રમો વીડિયો, પ્રવચન, સંવાદના માધ્યમથી રજૂ થયા હતા. 'પરમાત્મામાં શ્રદ્ધા પ્રગટાવે છે મંદિર' વિષય પર વિવેકસાગરદાસ સ્વામીના મનનીય પ્રવચન બાદ યુવાવૃંદે જોમભેર ભક્તિનૃત્ય કરી સભાને રંજિત કરી દીધી હતી.

મોરબીમાં રચાનાર કલામંડિત મંદિર કેવું હશે? તેની સંકલ્પના રજૂ કરતી વીડિયો નિહાળી સૌ આનંદિત થઈ ઊઠ્યા.

આજે સભામાં ઉપસ્થિત ધારાસભ્ય શ્રી રાઘવજીભાઈ પટેલે સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. મોરબી ખાતેના સ્વામીશ્રીના રોકાણની આ અંતિમ સભામાં સંતોએ હારતોરા કરી 'પુનઃ વહેલા પધારજો...'નો ભક્તિભાવ અભિવ્યક્ત કર્યો.

શ્રદ્ધાદિનને પરિપુષ્ટ કરતાં સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા : ''નાના-મોટા બધાએ સંપની ભાવનાથી સેવા કરી તો આ અવસર શોભી ઊઠ્યો. આપણા દરેક સમૈયામાં આવું જ હોય છે. નાના-મોટા બધા એકબીજાના પૂરક થઈને સેવા કરે છે.

આપણને ભગવાનમાં શ્રદ્ધા તો હોય છે, પણ સળંગ રહેતું નથી. ચડ-ઊતર રહે છે. માઠા પ્રસંગ આવે એટલે શ્રદ્ધા ઘટે ને સારા પ્રસંગ આવે એટલે શ્રદ્ધા આવે. જ્યારે એકાંતિક ભક્તની શ્રદ્ધા એકધારી રહે. ગમે તેવા પ્રસંગો આવે, તેમને ભગવાન સાથે સંબંધ છે. દુઃખ સુખના પ્રસંગોમાં અતિ નિર્વાસનિક થઈને ભગવાનમાં જોડાયેલા રહે તે ધન્ય થઈ જાય છે. એવા ભક્ત આપણે થવાનું છે. આ સત્સંગમાં તમે શ્રદ્ધા રાખીને મંડશો તો એવા ભક્ત થવાશે જ. શ્રીજીમહારાજને એવા જ ભક્તો ગમે છે. ભગવાન ને સંતની બધા પર દૃષ્ટિ હોય જ છે. પણ જે ભગવાનના અખંડ ધારક હોય તેમના પર વિશેષ દૃષ્ટિ હોય છે. ભગવાન મળ્યા ને ભગવાન સાથે સંબંધ રહે તે સૌથી મોટી સિદ્ધિ છે. સુખ-દુઃખના પ્રસંગોમાં સ્થિર મતિ રહે ને ભગવાનમાં જોડાયેલા રહે તો મોટું કામ થઈ જશે.

તમારા બધા પર સ્વામીબાપાના આશીર્વાદ છે – બધા તને-મને-ધને સુખી થાય અને જયજયકાર થાય.''

આજ રોજ સ્વામીશ્રીએ શિખરબદ્ધ મંદિર પરિસરની ઈષ્ટિકાઓનું વૈદિક પૂજન કર્યું હતું. સાથે સાથે રાજકોટના સોરઠિયા વાડી વિસ્તારમાં રચાનાર નૂતન બી.એ.પી.એસ. મંદિરની ઈષ્ટિકાઓનું પણ પૂજન કર્યું હતું.

તા. ૧૧ થી ૧૭ જૂન સુધીના મોરબી ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ અહીં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે કલામંડિત શિખરબદ્ધ મંદિર નિર્માણનો શુભારંભ કરાવી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની ધજા સૌરાષ્ટ્રના વધુ એક શહેરમાં લહેરાવી દીધી હતી.

અહીં સંતો-ભક્તોને સત્સંગ-ભક્તિનું અપાર સુખ આપી, સૌની ભાવભરી વિદાય લઈ સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા હતા.



**સ્વામીશ્રીના દિવ્ય સત્સંગલાભથી ધન્ય બનતા શ્રીનગરના ભાવિક ભક્તો...**

*પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણની ચરણરજથી અનેકવાર પાવન થયેલી ભૂમિ એટલે અમદાવાદ સ્થિત શાહીબાગમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સંકલ્પે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે રચેલું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પુરુષાર્થથી આજે અનેકવિધ આધ્યાત્મિક-સામાજિક સેવાપ્રવૃત્તિઓનું ધામ બન્યું છે.*

*તાજેતરમાં તા. ૧૭-૬-૨૦૧૯ થી તા. ૪-૭-૨૦૧૯ દરમ્યાન અહીં બિરાજીને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે એ પ્રવૃત્તિઓની સાથે સાથે હજારો હરિભક્તોની સેવાભક્તિને ઉત્તેજન આપ્યું હતું.*

*સ્વામીશ્રીના નિવાસથી મંદિરમાં સર્વત્ર દિવ્યતાનો માહોલ છવાયો હતો. તેઓનાં દર્શનનું સૌને ઘેલું લાગ્યું હતું. નિત્ય વહેલી સવારે નિત્યકર્મથી પરવારી તેઓ ઠાકોરજીનાં દર્શને પધારે ત્યારે મંદિર પરિસરના ખૂણે ખૂણે ઊભેલા ભક્તો તેમજ શાહીબાગ હાઈ-વે પર દર્શનની આતુરતાથી મોટી સંખ્યામાં ઊભેલા ભક્તો તેઓનાં દર્શનની ઝાંખી માત્રથી કૃતાર્થતાનો અનુભવ કરતા હતા. મંદિરના મુખ્ય પોડિયમ પર રચાતી નિત્ય નવીન રંગોળીઓ પર કૃપાદૃષ્ટિ કરી સ્વામીશ્રીએ સૌના ભક્તિભાવને બિરદાવ્યો હતો. વહેલી સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં ઊમટતા હજારો હરિભક્તો સ્વામીશ્રીની અમૃતવાણી તેમજ સંતો-બાળકો-યુવકોના સૂરીલા કંઠે કીર્તન-ભક્તિનો રસાસ્વાદ માણીને ભક્તિમાં તલ્લીન બન્યા હતા.*

*સંધ્યાકાળે ૫-૩૦ વાગ્યાથી સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાતી સત્સંગ સભાનો લાભ લેવા ઊમટતા હજારો મુમુક્ષુઓથી બંને સભાગૃહો છલકાતા હતા. નિત્ય વિદ્વાન સંતો દ્વારા પારાયણ ઉપરાંત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વચનનો લાભ હરિભક્તોએ માણ્યો હતો.*

*સંધ્યા સમયે નિત્ય યોજાતી સત્સંગ સભાઓ વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે વચનામૃતના વિચારોને કેન્દ્રમાં રાખીને યોજાઈ હતી. વચનામૃતના આધારે પ્રાપ્તિનો વિચાર, રાજીપાનો વિચાર, સર્વકર્તાપણાનો વિચાર, આત્મવિચાર, સાંખ્યવિચાર અને મહિમાના વિચારને દૃઢાવતાં મૂલ્યો પ્રાતઃપૂજાથી લઈને સંધ્યા સત્સંગ સભામાં સુપેરે ગૂંથાઈ ગયાં હતાં. પ્રાતઃપૂજામાં બાળકોએ આ વિષયોને કેન્દ્રમાં રાખી મુખપાઠ રજૂ કર્યો હતો. સંધ્યાસભામાં આ જ વિષયોને પુષ્ટ કરતા વિવિધ ભક્તિસભર કાર્યક્રમોની પ્રસ્તુતિઓ માણી સૌ કોઈ ભક્તિરસમાં ગરકાવ થઈ ગયા હતા.*

*સતત ૧૭ દિવસ સુધી સૌ દિવ્ય પ્રેરણાઓમાં ઝબકોળાયા તે અવસરોનું અહીં સ્મરણ કરીએ...*

## અમદાવાદમાં સ્વાગત

તા. ૧૭-૬-૨૦૧૯ના રોજ મોડી સાંજે અમદાવાદ સ્થિત શાહીબાગ બી.એ.પી.એસ. મંદિરે ગુરુહરિ મહંત સ્વામી મહારાજનું આગમન થયું ત્યારે હજારો હરિભક્તોએ ઉમળકાભેર તેઓનું સ્વાગત કર્યું હતું. મંદિર તથા અભિષેક મંડપ પણ સુંદર રીતે શણગારવામાં આવ્યા હતા. પ્રાંગણમાં રંગબેરંગી પુષ્પોની રંગોળીએ પૂરવામાં આવી હતી. મુખ્ય પ્રવેશદ્વારથી શ્રી હરિકૃષ્ણ મહારાજને કરમાં ધારણ કરી પુષ્પપથ પર ચાલતાં સ્વામીશ્રી મંદિરમાં પ્રવેશ્યા ત્યારે ઈશ્વરચરણદાસ સ્વામી, સત્સંગિજીવનદાસ સ્વામી, કોઠારી આત્મકીર્તિદાસ સ્વામી વગેરેએ કલાત્મક પુષ્પહાર પહેરાવી, ચાંદલો કરી સ્વામીશ્રીને વધાવ્યા હતા. ભગવાન સ્વામિનારાયણની અભિષેક મૂર્તિ પર અભિષેક કરી સ્વામીશ્રીએ માંગલિક પ્રાર્થનાઓ કરી હતી. ઠાકોરજીનાં દર્શન બાદ મંદિરની પાર્શ્વભૂમાં તથા લોનમાં દર્શનની આતુરતાથી રાહ જોઈ બેઠેલા હજારો હરિભક્તોને દર્શનદાન આપી સ્વામીશ્રી નિજનિવાસે પધાર્યા હતા.

## યુવા દિન

તા. ૧૯-૬-૨૦૧૯ના રોજ સ્વામીશ્રીની પાવન નિશ્રામાં યોજાયેલા યુવા દિનના વિશિષ્ટ કાર્યક્રમ – 'યુવા અધિવેશનનું પંચામૃત'માં યુવકોએ વિવિધ ભક્તિસભર પ્રસ્તુતિ કરી હતી.

યુવકોએ યુવા અધિવેશનમાં ભાગ લેવાથી પ્રાપ્ત થયેલી પાંચ અમૃતમય ઉપલબ્ધિઓને કાર્યક્રમના રસથાળમાં ગૂંથી લીધી હતી. સમજણરૂપી અમૃત, આજ્ઞારૂપી અમૃત, સંપરૂપી અમૃત, સુહૃદભાવ અને પ્રગટ સત્પુરુષમાં જોડાણ વિષયને પરિપુષ્ટ કરતા રસપ્રદ કાર્યક્રમોએ સૌને દિવ્યતામાં ગરકાવ કરી દીધા હતા. વચનામૃતના આ પાંચ કુંભ સ્વામીશ્રી સમક્ષ લાવવામાં આવ્યા. સ્વામીશ્રીએ તેનો સ્પર્શ કરી યુવકો પર રાજીપો વરસાવ્યો હતો.

અંતે સૌ યુવાનોએ આવું પ્રેરણાદાયક યુવા અધિવેશન યોજવા બદલ સ્વામીશ્રીનો હૃદયથી આભાર માન્યો. ગાયક યુવાનોએ 'અભિનંદન ગીત' ગાઈ સૌની લાગણીઓને વાચા આપી.

અંતે આશીર્વચનમાં સ્વામીશ્રીએ સત્સંગ શિક્ષણ પરીક્ષા આપવા પર ખૂબ ભાર મૂક્યો હતો.

## વિશ્વ યોગ દિન

તા. ૨૧-૬-૨૦૧૯ના રોજ 'વિશ્વ યોગ દિન' નિમિત્તે મંદિરની બાજુની હરિયાળીમાં યુવાનો દ્વારા યોગ-નિદર્શન યોજાયું હતું. પ્રાતઃપૂજા બાદ સભાગૃહમાં પણ હજારો હરિભક્તો સહિત સ્વામીશ્રીએ પ્રાણાયામ કરી સૌને નિત્ય યોગ કરવાની સૌને પ્રેરણા આપી હતી. અંતમાં સ્વામીશ્રીએ યોગનું મહત્ત્વ સમજાવી સત્પુરુષમાં દૃઢ પ્રીતિ કરવા પ્રેરણાવચન કહ્યાં હતાં.

## પ્રાપ્તિનો કેફ

તા. ૨૨-૬-૨૦૧૯ની સંધ્યાએ સ્વામીશ્રીએ શિશુઓ, બાળકો અને મુમુક્ષુઓને સમૂહ વર્તમાન ધરાવ્યા હતા.

હજારો હરિભક્તોથી હકડેઠઠ ભરાયેલી આજની સભાનો કેન્દ્રવર્તી વિચાર હતો – 'પ્રાપ્તિ.' પ્રાપ્તિનો કેફ દર્શાવતાં બે સંવાદ પૈકી 'ગાંડાની વણઝાર' સંવાદમાં સત્સંગ અને ગુણાતીત સત્પુરુષની પ્રાપ્તિ જે હરિભક્તોને સમજાઈ છે તેવા હરિભક્તોના પ્રેરણાદાયક પ્રસંગો રજૂ થયા હતા. તેઓ આ પ્રાપ્તિના કેફમાં એવા તો ગળાડૂબ થઈ ગયા કે આ દુનિયાનાં ગમે તેવાં દુઃખ તેમને સ્પર્શ્યાં જ નથી. આ બે સંવાદો દ્વારા સૌને ઘણું શીખવા, સમજવા મળ્યું.

અંતે પ્રાપ્તિના વિચારને પરિપુષ્ટ કરતાં સ્વામીશ્રીએ આશીર્વાદમાં જણાવ્યું: ''સંવાદમાં આપણે જોયું તે સાચી વાત છે. હું આમાંના કેટલાય હરિભક્તોને મળ્યો છું. તેમનો કેફ કોઈની બુદ્ધિમાં સમાય એવો નહોતો. તેઓને શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ મળ્યા તેનો કેફ એટલો બધો કે ગમે તેવી મુશ્કેલી હોય તોય તેમને નજરમાં જ ન આવે. તે કોઈ વાતે સત્સંગમાં પાછા પડ્યા જ નથી. આગળ ને આગળ વધ્યા છે. તે દેખાવમાં સામાન્ય લાગે પણ અંતરમાં પ્રાપ્તિનો કેફ અજોડ હતો.

આપણે અનંત જન્મ લીધા અને કઠિનમાં કઠિન સાધનો કર્યાં પણ જે પ્રાપ્તિ થઈ નથી તે આ જન્મે થઈ છે. આ સમજાય તો આનંદનો પાર રહે નહીં. ઘણા હરિભક્તો ઉપરથી સંસારમાં લબદાયેલા દેખાય, પણ હકીકતે તો તેમનું અંતર પ્રાપ્તિના કેફથી ભરેલું છે. તેમણે અંતરમાં ભગવાન પધરાવી દીધા છે. એને લીધે એમને અખંડ આનંદ રહે છે. સુખ-દુઃખમાં તે લેવાય નહીં. આપણે પણ આવી રીતે બળમાં રહેવું. કેફમાં રહેવું. પ્રાપ્તિ એ જ સત્સંગ છે. માટે પ્રાપ્તિમાં રાચવું અને સાચી વાત જેમ છે તેમ સમજવી તો આનંદનો પાર ન રહે.''

## અમદાવાદ અને ગુરુપરંપરા

તા. ૨૩-૬-૨૦૧૯ના રોજ રવિ સત્સંગસભા અને ગુરુહરિનાં દર્શન-આશિષનો બેવડો લાભ પ્રાપ્ત કરવા ઊમટેલા હજારો હરિભક્તોથી

બંને સભાગૃહ છલકાતા હતા.

આજના સત્સંગ સમારોહમાં 'અમદાવાદ અને આપણી ગુરુપરંપરા' વિષયક સુંદર કાર્યક્રમ રજૂ થયો હતો. અમદાવાદમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુપરંપરાની વિશિષ્ટ સ્મૃતિઓ રજૂ કરતા આ કાર્યક્રમના પ્રારંભમાં સંવાદ અને વીડિયો દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણે અમદાવાદમાં કરેલી દિવ્ય લીલાઓનું સ્મરણ કરવામાં આવ્યું. ત્યારબાદ શ્રીહરિદાસ સ્વામીએ અમદાવાદમાં શ્રીજીમહારાજ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના પ્રસંગોની સ્મૃતિ સૌને કરાવી હતી.

સમગ્ર કાર્યક્રમની સાંકળ ગૂંથતાં યુવકોએ ભગતજી મહારાજના અમદાવાદ ખાતેના પ્રસંગોનો ચિતાર આપ્યો. ઈશ્વરચરણદાસ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના અમદાવાદ ખાતેના પ્રત્યક્ષ અનુભવેલા પ્રસંગોની સ્મૃતિ કરી. ત્યારબાદ અમદાવાદમાં શાહીબાગ ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં યોગીજી મહારાજે કરેલી મૂર્તિપ્રતિષ્ઠાની સ્મૃતિ વીડિયોના માધ્યમથી સૌએ કરી. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની સ્મૃતિઓના વહેણ સાથે પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિઓનું પણ સ્મરણ કરવામાં આવ્યું. સૌપ્રથમ અમદાવાદ ખાતે પ્રમુખસ્વામી મહારાજે આપેલા દિવ્ય સત્સંગલાભની વીડિયો રજૂ થઈ. એ સ્મૃતિઓને ચિરંતન કરતા આત્મસ્વરૂપદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજે અમદાવાદમાં ઊજવેલા ઐતિહાસિક ઉત્સવોની ઝાંખી કરાવી.

અંતે, અમદાવાદમાં મહંત સ્વામી મહારાજે આપેલા સત્સંગલાભની સ્મૃતિઓની સાંકળ ગૂંથીને તેઓના આશીર્વાદની યાચના કરવામાં આવી.

સભાના કાર્યક્રમની ચરમસીમાએ સ્વામીશ્રીએ અમદાવાદ ખાતેના પોતાના કેટલાક સ્મરણીય પ્રસંગો આશીર્વચનમાં રજૂ કરીને સૌને કૃતાર્થ કરી દીધા હતા.

## રાજીપાનું અમૃત

તા. ૨૫-૬-૨૦૧૯ના રોજ 'રાજીપાનું અમૃત દિન' તરીકે ઊજવાયેલી વિશિષ્ટ સભામાં યુવાતાલીમ કેન્દ્રના યુવકો દ્વારા એક વિશિષ્ટ સંવાદ પ્રસ્તુત થયો હતો. 'સમસ્યા પાંચસો યોજન ભૂમિની' શીર્ષક હેઠળ યુવકોએ પ્રસ્તુત કરેલો સંવાદ રસપ્રદ અને ભાવસભર હતો.

પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે રચેલા વ્યસનમુક્ત સદાચારી સમાજની ઝાંખી કરાવતા આ સંવાદમાં કેટલાક સત્ય પ્રસંગો પણ સુંદરતાથી ગૂંથી લેવામાં આવ્યા હતા.

સ્વામીશ્રીએ અમૃત હર્બલ કેર દ્વારા તૈયાર થયેલી જેગરી ચોકલેટ કેન્ડી, રાગી બિસ્કિટ, જુવારનાં બિસ્કિટ અને ઇન્સ્ટન્ટ રાગી માલ્ટ પ્રોડક્ટનું વિમોચન કર્યું હતું. ત્યારપછી પ્રેરક આશીર્વચનોથી સૌને લાભાન્વિત કરતાં સ્વામીશ્રીએ કહ્યું : ''સંવાદમાં બતાવ્યું એવા હરિભક્તો ઠેર ઠેર થયા છે. તેના મૂળમાં 'મારે સારા થવું છે અને યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજને રાજી કરવા છે' આ વિચાર રહેલો છે. આપણે પણ જે નિયમ લઈએ તેની દૃઢતા રાખવી. ભગવાન અને સંતને રાજી કરવાની દૃઢતા વધારતા રહેવું. 'કોણે આપેલા નિયમ!' એ ગૌરવ રહેવું જોઈએ. આજે બધા સંતો-ભક્તો મંડ્યા છે કે ભગવાનનો રાજીપો લેવો છે. રાજીપાનો વિચાર અલૌકિક છે, દિવ્ય છે.

આપણને ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજનાં વચનોની ખુમારી ન ચઢતી હોય તો શું કરવાનું? લાખોની સંખ્યામાં એવા હરિભક્તો છે જે રાજીપો લઈ રહ્યા છે. જો મંડ્યો રહે તો સમજ પડતી જાય કે રાજીપો શું છે. એ રીતે પોતાને ધન્ય માનીને ધર્મ-નિયમમાં જીવન બનાવવું.'

તા. ૨૬-૬-૨૦૧૯ના રોજ વચનામૃતના તૃતીય અમૃત 'કર્તાપણાનો મંત્ર' વિષય પર યોજાયેલી સભામાં ઈશ્વરચરણદાસ સ્વામીએ મધ્યવર્તી વિચારને સ્પષ્ટ કરતું સુંદર પ્રવચન કર્યું હતું. સ્વામીશ્રીએ 'ભગવાનને સર્વ કર્તાહર્તા માનીને, દાસના દાસ થઈને, ભગવાનની આજ્ઞા પ્રમાણે કાર્ય કરવા' પ્રેરણાવચનો કહ્યાં હતાં. આજે સભામાં પધારેલા અમદાવાદ વેપારી મહાજન મંડળના અગ્રણી વેપારીઓએ સ્વામીશ્રીને સત્કારી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

## ગ્રામ્ય દિન

તા. ૨૭-૬-૨૦૧૯ના રોજ સંધ્યા સભામાં અમદાવાદ વિસ્તારનાં ગ્રામ્ય સત્સંગ મંડળોનો કાર્યક્રમ યોજાયો હતો. બાળ-યુવાવૃંદે *'અમારા મંદિરીએ મૂર્તિ પધરાવો...'* કીર્તન પર સરસ ભક્તિ-નૃત્ય કર્યું હતું. નૃત્ય દરમ્યાન ગ્રામ્ય વિસ્તારના અગ્રણી કાર્યકરોએ સ્વામીશ્રીને હારતોરાથી વધાવ્યા.

સ્વામીશ્રીએ શ્રી હરિકૃષ્ણ મહારાજની આરતી ઉતારી ત્યારે પાર્શ્વભૂમાં વિશાળ સ્ક્રીન પર અમદાવાદ ગ્રામ્યનાં તમામ મંદિરો તથા તેની મૂર્તિઓ દર્શાવાઈ. આ રીતે, સ્વામીશ્રીના હસ્તે અમદાવાદ ગ્રામ્યનાં તમામ મંદિરોની આરતી સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા થઈ.

આજની સભાનો મુખ્ય લાભ સમીપદર્શનનો હતો. સ્વામીશ્રીનાં દર્શને આજે ૫,૦૦૦ કરતાં વધારે



ગ્રામીણ ભક્તો ઊમટ્યા હતા. સૌએ ખૂબ શાંતિથી ગુરુહરિનાં દર્શનનો લાભ પ્રાપ્ત કર્યો હતો.


વળી, આજે સવારે સ્વામીશ્રીએ ચલાલા (ધારી) અને કેલિયા વાસણા (ધોળકા) મંદિરની મૂર્તિઓનો વૈદિક પ્રતિષ્ઠાવિધિ કરી, આરતી ઉતારી હતી.

## નીલકંઠ એનિમેશન પ્રકાશન

તા. ૨૮-૬-૨૦૧૯નો દિન એટલે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા રજૂ થઈ રહેલી ભગવાન સ્વામિનારાયણની એનિમેશન શ્રેણીના પાંચમા પુષ્પનો ઉદ્‌ઘાટન દિન. એનિમેશન શ્રેણીના આ પાંચમા પુષ્પમાં શ્રી નીલકંઠવર્ણીએ કરેલી માનસરોવરની કઠિનતમ યાત્રાનું અદ્‌ભુત દૃશ્યાંકન કરવામાં આવ્યું છે. તેને લક્ષ્યમાં રાખીને આજે સવારથી જ સ્વામીશ્રીના કાર્યક્રમોમાં શ્રી નીલકંઠ -વર્ણીની સ્મૃતિઓ ગૂંથી લેવામાં આવી હતી.

સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં યુવકોએ કીર્તન-ભક્તિમાં સુંદર રાગ-રાગિણીઓ સાથે નીલકંઠ ચરિત્ર અને તેમનો મહિમા અદ્‌ભુત ગાયો. સ્વામીશ્રીની પાર્શ્વભૂમાં નીલકંઠવર્ણીનાં અદ્‌ભુત સ્મૃતિદૃશ્યો તેમાં વધુ રંગ ઉમેરતાં હતાં. આશીર્વચનમાં સ્વામીશ્રીએ પણ નીલકંઠવર્ણીનો અપરંપાર મહિમા ગાયો.

સંધ્યાકાળે યોજાયેલી આજના દિનની વિશિષ્ટ સભામાં શ્રી નીલકંઠ ચરિત્રની રોમાંચક કથા બાદ સ્વામીશ્રીએ શ્રી નીલકંઠવર્ણીની આરતી ઉતારી હતી. ત્યારબાદ શ્રી



નીલકંઠવર્ણીનો અભિષેક કરી ભક્તિ-અર્ઘ્ય અર્પ્યું હતું. બાળવૃંદે શ્રી નીલકંઠવર્ણીને અભિવંદના કરતું સુંદર ભક્તિનૃત્ય કર્યું. નૃત્ય બાદ ઉદ્‌ઘાટિત થનાર એનિમેશન ડીવીડીનું ટ્રેલર નિહાળી સૌ સભાજનો નીલકંઠમય થઈ ઊઠ્યા. ઈશ્વરચરણદાસ સ્વામીએ નીલકંઠવર્ણીની વન-વિચરણયાત્રા દ્વારા તેઓનો મહિમા ગાઈને આ એનિમેશન શ્રેણીની કેટલીક વિશેષતાઓ વર્ણવી તથા તેનો મહિમા પ્રસરાવવાનો અનુરોધ કર્યો.

ત્યારબાદ બાળયોગી નીલકંઠે કુમળી વયે કરેલી માનસરોવર યાત્રાની એનિમેશન શ્રેણીના નૂતન પુષ્પનું આજે ઉદ્‌ઘાટન થયું. શ્રીજીસ્વરૂપદાસ સ્વામીએ એનિમેશન ડીવીડી ભાગ-૫ 'નીલકંઠ અને માનસરોવરના હંસો'નું સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા વિમોચન કરાવ્યું અને સૌએ તાળીનાદથી આ પ્રકાશનને વધાવ્યું. આ પ્રકલ્પમાં સેવા આપનાર યુવકોને પણ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

આશીર્વાદમાં સ્વામીશ્રીએ નીલકંઠવર્ણીનો મહિમા ગાતાં જણાવ્યું:

યોગીબાપાએ કહ્યું: 'હે શાસ્ત્રીજી મહારાજ! અમે તમારી જાહેરાત ન કરીએ તો તમારા શિષ્ય નહીં.' તે આ નીલકંઠવર્ણીની જાહેરાત ન કરીએ તો આપણે સાચા શિષ્ય નહીં. નીલકંઠ-વર્ણીએ જે કર્યું છે તેનો અંશ પણ આપણે આમાં મૂકી શક્યા નથી. માટે આ ડીવીડી ખાસ વસાવવી, તેનો પ્રચાર કરવો ને બધાને તેનો મહિમા સમજાવવો. એમાં ખામી ન રાખવી. તમે કંકોત્રી લઈને ફરો છો ત્યારે કેટલો પ્રચાર કરો છો! તો આ તો શ્રીજીમહારાજની વાત છે. એમણે કેટલાં કષ્ટો વેઠ્યાં છે! આપણે આ ડીવીડી વસાવીને અભ્યાસ કરવો. તો આપણને કાંઈક ઝાંખી થશે કે શ્રીજીમહારાજે કેવું કાર્ય કર્યું છે! આવી રીતે પ્રચાર કરીએ તે ભક્તિભાવ જ છે. આપણાં સગાં-વહાલાંને આપણે આ મહિમા સમજાવી પછી ડીવીડી વગેરે આપીએ તો કામ થાય.

શ્રીજીમહારાજ ન આવ્યા હોત તો બધું કલ્પનામાં જ રહેત. પણ, તેઓ આવ્યા ને બધું કામ થઈ ગયું. પ્રત્યક્ષ દર્શન, એ કેટલી મોટી વાત છે! એટલે પછી બધું કાર્ય થયું ને હવે ચાલુ છે, ને ચાલશે!''

## પ્રતીક ગુરુપૂર્ણિમા ઉત્સવ

તા. ૩૦-૬-૨૦૧૯ ને રવિવારના દિને અમદાવાદના આંગણે પ્રગટ ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના પાવન સાંનિધ્યમાં પ્રતીક ગુરુપૂર્ણિમા ઉત્સવ ઊજવાયો હતો.

આજના અવસરે ગુરુહરિનાં ચરણે વંદના કરવા માટે ઊમટેલા હજારો ભક્તોનું ઘોડાપૂર મંદિર પરિસરમાં છલકાતું હતું. અપરાહ્‌ને ૩-૩૦ વાગ્યાથી સભાગૃહમાં પ્રવેશ આપવામાં આવતાં બંને સભાગૃહો અને મંદિરનાં પ્રાંગણ વગેરે હરિભક્તોથી છલકાઈ ઊઠ્યા હતા.

સંધ્યા સમયે ધૂન-પ્રાર્થના અને પ્રાસંગિક કીર્તનગાનથી ઉત્સવસભાની શરૂઆત થઈ. મંદિરના પ્રાંગણમાં બેઠેલા હજારો ભક્તોને દર્શનલાભ આપતાં સ્વામીશ્રીએ પ્રથમ નીચેના સભાગૃહમાં દર્શનલાભ આપ્યો. ત્યારબાદ તેઓ યજ્ઞપુરુષ સભાગૃહમાં સૌની વચ્ચે મંચ પર પધાર્યા.

'ગુરુઃ સાક્ષાત્ પરંબ્રહ્મ'ના કેન્દ્રવર્તી વિચાર સાથે યોજાયેલા આજના કાર્યક્રમમાં આત્મસ્વરૂપદાસ સ્વામી, બ્રહ્મવિહારીદાસ સ્વામી તથા અક્ષર-વત્સલદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ગુરુમહિમા ગાઈ 'ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુ, ગુરુર્દેવો મહેશ્વરઃ'નું પ્રત્યક્ષ દર્શન કરાવ્યું હતું. સાથે પ્રમુખસ્વામી મહારાજે કરેલાં અસંખ્ય લોકોનાં જીવનપરિવર્તનના પ્રસંગો પણ ખૂબ સારી રીતે વર્ણવ્યા હતા. એ પરિવર્તનોમાંનું એક ઉદાહરણ એટલે ખેડબ્રહ્મા ક્ષેત્રના આદિવાસી બંધુઓ. એક સમયે વાલિયા લૂંટારા તરીકે ઓળખાતા વાલાભાઈ અને તેમના સાગરીતો પ્રમુખસ્વામી મહારાજના યોગે એક હરિભક્ત બનીને સેવા કરી રહ્યા છે. એ સૌએ મંચ પર આવીને ટીંમલી નૃત્ય કરી મહંત સ્વામી મહારાજના આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ ઈશ્વરચરણદાસ સ્વામીએ યોગીજી મહારાજના ગુરુમહિમાનાં વાક્યો પર મનનીય પ્રવચન કરી યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજને ચરણે ભક્તિવંદના કરી હતી. ત્યારબાદ બાળકો-યુવકોએ નૃત્યાંજલિ દ્વારા ગુરુહરિને વધાવ્યા હતા. સમગ્ર સત્સંગ સમુદાય વતી ઈશ્વરચરણદાસ સ્વામીએ ઠાકોરજીનું પૂજન કરી સ્વામીશ્રીના ભાલે અર્ચા-અક્ષત કરી ગુરુપૂજન કર્યું હતું. વડીલ સંતોએ કલાત્મક હાર વડે ગુરુહરિને વધાવી આશીર્વાદ લીધા હતા. આજના પર્વે ગુરુપૂજનની વિશિષ્ટ સેવા કરનાર ભક્તોએ મંચ પર આવી ગુરુહરિનાં સમીપ દર્શન કરતાં વિવિધ મેવામીઠાઈ ઠાકોરજી સમક્ષ ધર્યાં હતાં.

આજના પાવન પર્વે સૌને જ્ઞાનબોધ આપતાં ગુરુહરિ સ્વામીશ્રીએ જણાવ્યું: 'શ્રીજીમહારાજે કહ્યું છે, 'આ બધા ભક્તો મનુષ્ય જેવા દેખાય પણ કોઈ મનુષ્ય નથી, મુક્ત છે. અમે આ વાત કેટલીય વાર કરી છે પણ કોઈ સમજતું જ નથી.' આ વાત જો સમજાઈ જાય તો બધું જ કામ થાય. માટે અરસપરસ દિવ્યભાવ રાખવો, ચરણસ્પર્શ કરવા અને ભગવાનના દાસના દાસ થઈને રહેવું. દાસભાવ જેવું કોઈ ઐશ્વર્ય નથી. આ શ્રીજીમહારાજના અંતરતલની વાત છે. આ મર્મની વાત જે કોઈ સમજે, જાણે, વિચારે તે મગ્ન થઈ જાય છે. જગત જીતી જાય છે. આઠે પહોર તેનો આનંદ માતો નથી. આમાં બધું જ આવી ગયું.

ટૂંકમાં, સત્સંગની સમજણ અહીં આવીને ઠરે છે કે બધાને દિવ્ય માનો. દિવ્યભાવ એ સૂરજ સમાન છે. અને બીજું બધું અંધારું છે. એટલે એકબીજાને દિવ્ય સમજવાના છે. આ દૃઢ કરીને રાખવું તો સત્સંગની બહુ મજા આવશે. પણ જો બધાને મનુષ્ય દેખીએ તો ક્લેશ, કંકાસ ને મારામારી થાય અને જો દિવ્ય માનીએ તો અહો... અહો... થયા કરે. આનંદ આનંદ થાય અને સત્સંગનું ખરેખરું સુખ આવે.''

આશીર્વચન બાદ સ્વામીશ્રીએ ઠાકોરજીનાં ચરણોમાં મંત્રપુષ્પાંજલિ અર્પી હતી. સભામાં ઉપસ્થિત હજારો ભક્તોએ પણ ઠાકોરજી સહિત ગુરુહરિ સ્વામીશ્રીનાં ચરણોમાં અક્ષતવર્ષા કરી

ભાવઅર્ઘ્ય અર્પણ કર્યું હતું.

ગુરુપૂર્ણિમાના દિવ્ય વાતાવરણથી સૌને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય સ્મૃતિઓ માનસપટ પર તાદૃશ થઈ હતી. સ્વામીશ્રીના પ્રત્યક્ષ લાભથી ગુરુપૂર્ણિમાનો આજનો અવસર સૌ માટે ધન્ય અને કૃતાર્થ કરનારો બની રહ્યો હતો.

તા. ૧-૭-૨૦૧૯ના રોજ 'બાળ દિન'ની સભામાં બાળકોએ પોતાની કાલીઘેલી ભાષામાં વિવિધ ભક્તિભર્યા કાર્યક્રમો રજૂ કરી સ્વામીશ્રીનો રાજીપો મેળવ્યો હતો. સ્વામીશ્રીએ બાળકોની ભક્તિ સ્વીકારી સુંદર આશિષ અર્પ્યા હતા.

## સત્સંગ સભા

તા. ૨-૭-૨૦૧૯ના રોજ યોજાયેલી સત્સંગ સભામાં 'વચનામૃતનાં અમૃત' વિષયક કાર્યક્રમ રજૂ થયો હતો. જેમાં આત્મવિચાર અને સાંખ્યવિચારને કેન્દ્રમાં રાખીને સંવાદ રજૂ થયા હતા. પ્રથમ સંવાદમાં આત્મવિચારને દૃઢાવતાં દર્શાવાયું કે, 'એક સત્સંગી યુવકને કેન્સરને લીધે એક હાથ કપાવવો પડ્યો, છતાં તે સ્થિર રહ્યો, આનંદમાં રહ્યો. તેનું કારણ હતું, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના જીવન-પ્રસંગો તથા મહંત સ્વામી મહારાજે આપેલા સાધના મંત્ર 'અક્ષરમ્ અહં પુરુષોત્તમ-દાસોસ્મિ'નું સતત અનુસંધાન. બીજા સંવાદમાં, જનક રાજાને આવેલા સ્વપ્નનો પ્રસંગ વર્ણવી સાંખ્યવિચાર દૃઢાવવામાં આવ્યો હતો.

આત્મવિચાર તથા સાંખ્યવિચારની આ શૃંખલાને આગળ ધપાવતાં સ્વામીશ્રીએ સત્સંગનો મહિમા વર્ણવીને કહ્યું: ''શ્રીજીમહારાજ કહે છે, 'સત્સંગ રોજ કરવો.' ભલે જ્ઞાની હોય તેને પણ રોજ સત્સંગની જરૂર છે. આપણે સત્સંગી છીએ તોય, કથા સાંભળ્યા પછી રોજ આત્મવિચાર કરવો.

જનક રાજાની વાત રોજ વિચારવા જેવી છે. આ બધું દેખાય છે તે નાશવંત છે, બધાં સપનાં છે, જ્યારે ધામ-ધામી અને મુક્ત શાશ્વત છે, સત્ય છે. અને આપણે તો ઉધારા નથી. આપણે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ આ બધાને સાક્ષાત્ અનુભવ્યા છે. એમના પર દૃઢતા રાખવી. અને મહારાજ-સ્વામી અને સત્પુરુષમાં જોડાયેલા રહેવું. એ જ કરવાનું છે. ને એ જ સત્સંગ છે.''

## રથયાત્રા ઉત્સવ

અષાઢ સુદ બીજ એટલે રથયાત્રાનું મંગલ પર્વ. લાખો ભક્તોની અનન્ય આસ્થાનો પવિત્ર ઉત્સવ. જગન્નાથ પુરીમાં ઊજવાતા રથયાત્રા ઉત્સવની જેમ છેલ્લાં ૧૪૨ વર્ષોથી અમદાવાદમાં પણ રથયાત્રાનો ઉત્સવ ખૂબ ધામધૂમથી ઊજવાય છે. એના ઉપક્રમે તા. ૪-૭-૨૦૧૯ના રોજ રથયાત્રાના પવિત્ર પર્વે અમદાવાદ ખાતે મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં પણ સંતો-ભક્તોએ ઉત્સાહપૂર્વક રથયાત્રા ઉત્સવને માણ્યો હતો.

સવારથી જ મંદિરમાં રથયાત્રાનો માહોલ જામ્યો હતો. આજના ઉત્સવને માણવા ઊમટેલા હજારો ભક્તોથી પરિસર છલકાતું હતું. મંદિરમાં તથા અભિષેક મંડપમાં આજના ઉત્સવને અનુરૂપ સુંદર શણગાર સજવામાં આવ્યા હતા. શ્રીહરિની મૂર્તિ પર અભિષેક કરી સ્વામીશ્રીએ મંદિરમાં ભાવથી ઠાકોરજીને આરતીઅર્ઘ્ય અર્પ્યું. પ્રાંગણમાં સૌને સમીપદર્શન આપતાં સ્વામીશ્રી રથાકાર આસન પર પ્રાતઃપૂજામાં બિરાજ્યા. શ્રી હરિકૃષ્ણ મહારાજ સુંદર રથમાં વિરાજમાન થઈ દર્શનલાભ આપી રહ્યા હતા. મંચની પાર્શ્વભૂમાં સ્ક્રીન પર ઉત્સવને અનુરૂપ દર્શાવેલાં દૃશ્યો નિહાળતા હજારો ભક્તો ગુરુહરિનાં દર્શનમાં તલ્લીન બન્યા હતા. બાળકોએ કરેલા સુંદર મુખપાઠની સાથે સંતોએ પ્રાતઃપૂજામાં રથયાત્રાનાં કીર્તનોનું ગાન કરી ઉત્સવનો માહોલ વધુ ઘેરો બનાવ્યો હતો.

પ્રાતઃપૂજા બાદ આજના ઉત્સવે સ્વામીશ્રીએ રથમાં વિરાજમાન ભગવાન સ્વામિનારાયણના રથનું વહન કરીને અનોખી સેવકભક્તિ અદા કરી હતી. સાથે ઈશ્વરચરણદાસ સ્વામી, શ્રીહરિદાસ સ્વામી, સત્સંગિ-જીવનદાસ સ્વામી તથા અન્ય સંતોએ પણ રથનું વહન કરીને રથયાત્રા સાર્થક કરી હતી. રથના વહનમાં જોડાયેલા દાસભાવે વર્તતા સ્વામીશ્રી અને સંતોનું એ અલૌકિક દૃશ્ય સૌના હૈયે સદાને માટે જડાઈ ગયું હતું.

મંદિરના પ્રાંગણમાં પણ સંતો-ભક્તોએ કલાત્મક રથમાં વિરાજમાન ભગવાન સ્વામિનારાયણની ભક્તિપૂર્ણ રથયાત્રા યોજી હતી. રથની સાથે સાથે બાળકો-કિશોરો-યુવકોએ વિવિધ વેશભૂષામાં રજ્જ બની, કીર્તનોના તાલે થૈથૈકાર કરતાં શ્રીહરિને રીઝવવા ભક્તિનૃત્ય કર્યાં હતાં. સ્વામીશ્રીએ સૌ પર કૃપાદૃષ્ટિ કરી સૌના ભક્તિભાવને બિરદાવ્યો હતો.

આજના પવિત્ર ઉત્સવે સ્વામીશ્રીએ સૌને દિવ્ય સ્મૃતિઓ આપી ધન્યતાથી છલકાવી દીધા હતા. સાંજે ૪-૩૦ વાગ્યે અમદાવાદના સંતો-ભક્તોની હજારોની મેદનીની ભાવભરી વિદાય લઈ સ્વામીશ્રીએ ભરૂચ પ્રતિ પ્રયાણ કર્યું હતું.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

# નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં યોજાયા શાનદાર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો..





વંકાલ ખાતે નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિસ્થાપનવિધિ બાદ આરતી-અર્ઘ્ય અર્પણ કરતા પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી..

## વંકાલ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

દક્ષિણ ગુજરાતમાં નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના વંકાલ ગામમાં નૂતન બી.એ.પી.એસ. મંદિરનો પંચદિવસીય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૩ એપ્રિલથી ૭ એપ્રિલ દરમ્યાન ભક્તિભાવપૂર્વક ઊજવાઈ ગયો.

ગુણાતીત ગુરુવર્યો અને વરિષ્ઠ સંતોએ અનેક વખત વંકાલમાં પધારીને અહીં સત્સંગનાં પીયૂષ પાયાં છે. તીથલના બી.એ.પી.એસ. મંદિરથી સત્સંગપ્રવૃત્તિ કરતા સંતોએ અહીં વિચરણ કરીને સત્સંગને સતત વેગવંતો રાખ્યો છે. તેના ફળસ્વરૂપે આ ગામના ત્રણ નવયુવાનોએ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે જીવન સમર્પિત કરીને સંતદીક્ષા ગ્રહણ કરીને ગામને વિશેષ ગૌરવ અપાવ્યું છે. સત્સંગની વિશેષ અભિવૃદ્ધિ થતાં વંકાલમાં નૂતન બી.એ.પી.એસ. મંદિરના નિર્માણનાં આયોજનો શરૂ થયાં.

મંદિર-નિર્માણ માટે શ્રી ધીરુભાઈ સુખાભાઈ પટેલ અને શ્રી છગનભાઈ સુખાભાઈ પટેલે ભૂમિ અર્પણ કરી. આ ભૂમિ પર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પૂજિત ઈષ્ટિકાનો પૂજ્ય ડૉક્ટર સ્વામીએ ખાતવિધિ કર્યો.

તીથલ મંદિરના કોઠારી વિવેકસ્વરૂપદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ મંદિરનું નિર્માણકાર્ય શરૂ થતાં વંકાલ અને આજુબાજુનાં ગામોનાં સત્સંગમંડળો વિવિધ સેવાઓમાં જોડાઈ ગયાં હતાં. જોતજોતાંમાં સૌના ભક્તિમય પુરુષાર્થથી અહીં ત્રિશિખરીય મંદિર નિર્માણ પામ્યું.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે પંચદિવસીય ઉત્સવની હારમાળા રચાઈ હતી. સૌના અદમ્ય ઉત્સાહ વચ્ચે પ્રથમ દિને તા. ૩-૪-૨૦૧૯ના રોજ મહિલાપાંખ દ્વારા મહિલા સંમેલન, દ્વિતીય દિને બાળ-યુવા સંમેલન, તૃતીય દિને સંગીતજ્ઞ સંતો-યુવકો દ્વારા કીર્તનભક્તિ વગેરે કાર્યક્રમો યોજાયા હતા. તા. ૬-૪-૨૦૧૯ના રોજ વંકાલમાં પૂર્વે ક્યારેય ન યોજાયો હોય તેવો 'શ્રીહરિ મહાયજ્ઞ' યોજાયો. ૧૯૪ યજ્ઞકુંડ પર ૧,૫૫૨ યજમાનોએ વેદમંત્રોના ગાન સાથે યજ્ઞનારાયણને આહુતિ અર્પણ કરી ત્યારે ગામમાં અનેરી દિવ્યતા છવાઈ ગઈ હતી.

બપોર બાદ બી.એ.પી.એસ. મંદિરમાં સ્થાપિત થનાર મૂર્તિઓની કલાત્મક રથોમાં શોભાયાત્રા યોજાઈ હતી. નરેન્દ્રપ્રસાદદાસ સ્વામી તથા વિવેકસ્વરૂપદાસ સ્વામી સાથે શ્રી સી. આર. પાટીલ (સાંસદ, નવસારી) અને શ્રી નરેશભાઈ પટેલ (ધારાસભ્ય, ગણદેવી) વગેરે મહાનુભાવોએ ઠાકોરજીની આરતી કરીને નગરયાત્રાનો પ્રારંભ કરાવ્યો. અનેકવિધ ભક્તિસભર આકર્ષણોથી યુક્ત આ શોભાયાત્રામાં ૭,૦૦૦ ભાવિક-ભક્તો ખૂબ ઉત્સાહથી સામેલ થયા હતા.

વંકાલમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ તા. ૧૫-૧-૨૦૧૯ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સુરત ખાતે કર્યો હતો. તે મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૭-૪-૨૦૧૯ના રોજ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ દિવ્ય મૂર્તિઓ મંદિરમાં સ્થાપિત થતાં ગામમાં સર્વત્ર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનો જયજયકાર થઈ ગયો. પ્રાસંગિક સભામાં ત્યાગવલ્લભદાસ સ્વામી અને સંતોએ પ્રેરક-વચનોનો લાભ આપીને મંદિર નિર્માણમાં સેવા આપનાર ધર્મેશભાઈ વગેરે હરિભક્તોની સેવાને બિરદાવી હતી.

વંકાલ ક્ષેત્રના સ્વયંસેવકોના સંપ, સુહૃદભાવ અને સંતોના માર્ગદર્શન હેઠળ શાનદાર રીતે સંપન્ન થયેલો આ ઉત્સવ સૌ માટે અવિસ્મરણીય સંભારણું બની રહ્યો.

## બીગરી ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

મહાત્મા ગાંધીજીએ કરેલા મીઠાના સત્યાગ્રહથી જાણીતું થયેલું ધરાસણા ક્ષેત્રનું બીગરી ગામ એટલે સત્સંગના રંગે રંગાયેલું શૂરવીર ભક્તોનું ગામ.

સમુદ્રકાંઠા વિસ્તારમાં આવેલા આ ગામમાં દારૂ, માંસાહારની રેલમછેલ ખૂબ સામાન્ય બાબત હતી. પરંતુ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને સંતોના સતત વિચરણથી અહીં સદાચાર અને સત્સંગનાં ઓજસ પથરાયાં છે. ધીમે ધીમે અહીં જીવનપરિવર્તનની હારમાળા રચાઈ અને દિનપ્રતિદિન સત્સંગ સમુદાય અભિવૃદ્ધિ પામતો રહ્યો. પરિણામે, અહીં એક મંદિરની જરૂરિયાત જણાઈ.

મંદિર-નિર્માણ માટે શ્રી કિશોરભાઈ ભગુભાઈ પટેલે પોતાની જમીન અર્પણ કરીને મંદિર નિર્માણકાર્યની પહેલ કરી. હરિભક્તોએ અવિરત સેવા-સમર્પણની ગંગા વહાવતાં જોતજોતાંમાં એક નયનરમ્ય બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું. અને તેનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પણ આવી ગયો.

તા. ૭-૪-૨૦૧૯ના રોજ સવારે યોજાયેલા 'શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ'માં મોટી સંખ્યામાં યજમાનોએ બિરાજીને યજ્ઞનારાયણને વંદના કરી હતી. સંધ્યા સમયે બીગરીના માર્ગો પર નૂતન મંદિરમાં સ્થાપિત થનાર ભગવત્સ્વરૂપોની શોભાયાત્રા યોજાઈ હતી. ગામજનોએ આ દિવ્યસ્વરૂપોનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

તા. ૧૧-૩-૨૦૧૯ના રોજ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ બીગરી ખાતે તા. ૮-૪-૨૦૧૯ના રોજ ત્યાગવલ્લભદાસ સ્વામી તથા નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

આમ, વિવેકસ્વરૂપદાસ સ્વામી તથા અહીં વિચરણ કરતા ધર્મસાગરદાસ સ્વામી અને યજ્ઞભૂષણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોએ ખૂબ જહેમત લઈને આ ઉત્સવને શોભાવ્યો હતો.





સોખડામાં પ્રતિષ્ઠા ઉત્સવે મહાપૂજામાં રત ભક્તસમુદાય. પ્રતિષ્ઠિત મૂર્તિઓને આરતીથી વધાવતા પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી...

## સોખડા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

વડોદરા જિલ્લાના સોખડા નગર ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે યોજાઈ ગયો.

સોખડા એટલે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે અનેક વખત પધારીને જ્યાં વારંવાર સત્સંગલાભ આપ્યો છે એવું એક પ્રાસાદિક ગામ. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પણ અહીંના ભક્ત રમણભાઈના ઘરે પધરામણી કરીને ગ્રામજનોને સત્સંગલાભ આપ્યો હતો. વર્ષોથી સત્સંગવારિથી પરિપ્લાવિત થયેલી

આ ધરા પર બી.એ.પી.એસ. સત્સંગકેન્દ્રની શરૂઆત સન ૧૯૮૩થી થઈ હતી. અટલાદરા મંદિરથી પુણ્યદર્શનદાસ સ્વામી, યજ્ઞદર્શનદાસ સ્વામી અને યજ્ઞજીવનદાસ સ્વામીએ અહીં વિચરણ કરીને અહીં સત્સંગની જાગૃતિ આણી છે.

સમયના વહેણ સાથે બી.એ.પી.એસ. સત્સંગ સતત અભિવૃદ્ધિ પામતો રહ્યો અને એક સુવિધાસજ્જ મંદિરની આવશ્યકતા ઊભી થઈ. ભક્તરાજ શ્રી મહેન્દ્રભાઈ રમણભાઈ પટેલે ઉત્સાહથી પોતાનું ઘરમંદિર નિર્માણાર્થે અર્પણ કર્યું.

મંદિરના નિર્માણકાર્યમાં શ્રી અજય મહેન્દ્રભાઈ પટેલ, નરેશ જશભાઈ પટેલ, યજ્ઞેશ જશભાઈ પટેલ, કલ્પેશભાઈ બ્રહ્મભટ્ટ, રાજુભાઈ પટેલ, કિરીટભાઈ પટેલ વગેરે હરિભક્તોના સેવા-સહયોગથી મંદિર-નિર્માણકાર્ય પૂર્ણ થયું. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સોખડા ખાતે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ તા. ૨૩-૫-૨૦૧૯ના રોજ કર્યો હતો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૬-૫-૨૦૧૯ના રોજ માંગલિક સવારે ત્યાગવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં વૈદિક મહાપૂજાવિધિ યોજાયો હતો, જેમાં ૪૦૦થી વધુ યજમાન હરિભક્તો વેદોક્તવિધિમાં સંમિલિત થયા હતા. ત્યારબાદ ત્યાગવલ્લભદાસ સ્વામીની ઉપસ્થિતિમાં મૂર્તિ-સ્થાપનવિધિ સંપન્ન થયો.

ગ્રામજનોના ભક્તિભાવ અને ઉત્સાહ વચ્ચે ઊજવાયેલા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવે એક અનોખો ભક્તિપૂર્ણ માહોલ છવાયો હતો. મૂર્તિપ્રતિષ્ઠા વિધિ બાદ યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં પણ મોટી સંખ્યામાં ભક્તો ઊમટ્યા હતા. સંતોનાં પ્રાસંગિક ઉદ્‌બોધનો બાદ ત્યાગવલ્લભદાસ સ્વામીએ પ્રેરણાવચનો પાઠવ્યાં હતાં.





ભેંસધરા ખાતે નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિસ્થાપનવિધિ કરતા પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી...

આમ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પદરજથી પાવન થયેલા સોખડા ગામમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની સ્થાપના થતાં સર્વત્ર જયજયકાર છવાઈ ગયો હતો.

## ભેંસધરા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

દક્ષિણ ગુજરાતમાં વલસાડ જિલ્લાના ધરમપુર પ્રાંતમાં ૨૦૦ વર્ષ પૂર્વે પધારીને ભગવાન શ્રી સ્વામિનારાયણે રાજમાતા કુશળકુંવરબા અને તેમના પૌત્ર મહારાજા વિજયસિંહદેવને કૃતાર્થ કર્યા હતા. ત્યારથી આ ધરતીનો જાણે પુણ્યોદય થયો છે. ભગવાન સ્વામિનારાયણ પછી તેમના અનુગામી ગુણાતીત ગુરુવર્યોએ પણ અહીં વિચરણ કરી આ પ્રદેશને તીર્થત્વ આપ્યું છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે આ ડુંગરાળ વિસ્તારમાં અનેક કષ્ટો વેઠીને, ઝૂંપડે ઝૂંપડે પધરામણીઓ કરીને, વનવાસીઓનાં જીવન સદાચારી અને ભક્તિમય કર્યાં છે. મહંત સ્વામી મહારાજે પણ ધરમપુર અને કપરાડાના દુર્ગમ પહાડી વિસ્તારોમાં વર્ષો સુધી વિચરણ કરીને અનેક ગામોના વનવાસીબંધુઓને સદાચારના માર્ગે દોર્યા છે. આવું જ સત્સંગના રંગે રંગાયેલું એક વનવાસી ગામ એટલે ભેંસધરા.

ભેંસધરામાં વર્ષોથી બી.એ.પી.એસ. સત્સંગપ્રવૃત્તિ ગતિમાન છે તેને વિશેષ વેગ આપવા મંદિરનિર્માણનું ચક્ર ગતિમાન થયું. શ્રી ધાકલભાઈ કુરકુટિયા અને રાજુભાઈ કુરકુટિયાએ પોતાની ભૂમિ મંદિર માટે અર્પણ કરી અને મંદિર-નિર્માણ શરૂ થયું. સંનિષ્ઠ હરિભક્ત શ્રી રૂપજીભાઈ જોગારી, જમશુભાઈ પટેલ, વિનોદભાઈ ભોંયા, મોહનભાઈ ભોંયા, કમલેશભાઈ પટેલ વગેરે હરિભક્તો અને

આજુબાજુનાં ગામોના સત્સંગીઓ પણ મહિમાપૂર્વક નિર્માણકાર્યમાં જોડાયા. સૌના સમર્પણભાવથી મંદિરનું નિર્માણકાર્ય સંપન્ન થયું.

અહીં બિરાજમાન થનાર મૂર્તિઓનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ તા. ૧૧-૩-૨૦૧૯ના રોજ તીથલ મુકામે ગુરુહરિ મહંત સ્વામી મહારાજે કર્યો હતો.

તા. ૨૮-૫-૨૦૧૯ના રોજ માંગલિક સવારે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે 'શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ' યોજાયો. યજ્ઞશાળામાં માંગલિક મંત્રગાન વચ્ચે સેંકડો હરિભક્તોએ યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરીને ગુરુહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ અપરાહ્‌ને પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ હતી. જેમાં આજુબાજુનાં ગામોના હરિભક્તો પણ સંમિલિત થયા હતા.

તા. ૨૯-૫-૨૦૧૯ના રોજ મહંત સ્વામી મહારાજ દ્વારા પ્રતિષ્ઠિત મૂર્તિઓનો સ્થાપનવિધિ ઘનશ્યામચરણદાસ સ્વામી અને વિવેકસ્વરૂપદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં સંતોએ પ્રાસંગિક ઉદ્‌બોધનનો લાભ આપીને સેવાનિષ્ઠ હરિભક્તોને સન્માનિત કર્યા હતા.

આમ, અહીં વિચરણ કરતા ધર્મસાગરદાસ સ્વામી અને યજ્ઞભૂષણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોની ભક્તિમય સેવાથી મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ સૌ માટે ચિરંતન સંભારણું બની રહ્યો.

## વિસાવદર(જીવાપરા) ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ગરવા ગિરનારની ગોદમાં આવેલા વિસાવદરના જીવાપરા વિસ્તારમાં તાજેતરમાં નૂતન બી.એ.પી.એસ. મંદિરનો પ્રતિષ્ઠાવિધિ ઊજવાઈ ગયો. આજથી ૫૦ વર્ષ પૂર્વે અક્ષરનિવાસી બાબુભાઈ સાવલિયા તથા ભીખુભાઈ જોષીએ અહીં સત્સંગ મંડળની શરૂઆત કરી હતી.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના વિચરણથી અહીં સત્સંગ વિશેષ વિકસ્યો. સન ૧૯૯૯માં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે વિસાવદરમાં ડોબરિયા પ્લોટમાં હરિમંદિરનો પ્રાણપ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. ત્યારબાદ દિન-પ્રતિદિન સત્સંગ વૃદ્ધિ પામતા સન ૨૦૦૬માં વિસાવદરના જીવાપરા વિસ્તારમાં નૂતન બી.એ.પી.એસ. સત્સંગમંડળની શરૂઆત થઈ. આરંભના વર્ષોમાં હરિભક્તોના ઘરે સભા થતી, પરંતુ સત્સંગ સમુદાય વિશેષ વધતાં શ્રી રમેશભાઈ માનસત્તાએ પોતાની અમૂલ્ય ભૂમિ મંદિર નિર્માણકાર્ય માટે અર્પણ કરી.

તા. ૧૪-૬-૨૦૧૫ના રોજ આ ભૂમિ પર શિલાન્યાસ વિધિ કરવામાં આવ્યો. ભક્તોના ભક્તિમય પુરુષાર્થથી મંદિરનું નિર્માણકાર્ય પૂર્ણ થયું.

તા. ૧૯ થી ૨૬ મે, ૨૦૧૯ દરમ્યાન પ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાયો. તા. ૧૯ના રોજ મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર ભગવત્‌સ્વરૂપોની શોભાયાત્રા યોજાઈ હતી.

તા. ૧૯ થી ૨૫ મે દરમ્યાન આદર્શતિલકદાસ સ્વામીએ કરેલી શ્રીમદ્‌ભાગવત પારાયણનો લાભ અનેક ભક્તો-ભાવિકોએ લીધો હતો. તા. ૨૫ મેના રોજ સવારે વિશ્વશાંતિ મહાયાગ યોજાયો હતો, જેમાં સેંકડો ભક્તોએ યજમાનપદે બિરાજીને યજ્ઞનારાયણને આહુતિ અર્પણ કરી હતી. તા. ૨૬ મેના રોજ મૂર્તિસ્થાપનવિધિ સમારોહ યોજાયો હતો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હસ્તે તા. ૯-૪-૨૦૧૯ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપન વિધિ અહીં પૂજ્ય યોગીસ્વરૂપદાસ સ્વામી અને પૂજ્ય નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

પ્રતિષ્ઠાવિધિ બાદ યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં સંતોએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યાં હતાં. ત્યારબાદ મંદિર નિર્માણકાર્યમાં વિશેષ સહયોગ આપનાર સમર્પિત કાર્યકરો તથા હરિભક્તોને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આમ, અહીં વિચરણ કરતા અખંડચિંતનદાસ સ્વામી તથા સેવાજીવનદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ કાર્યકરોના ભક્તિમય પુરુષાર્થથી મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ સારી રીતે ઊજવાઈ ગયો હતો.

## ગુંગાવાડા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

તાજેતરમાં બોડેલી વિસ્તારના તેજગઢ ક્ષેત્રના ગુંગાવાડા ગામ ખાતે નૂતન બી.એ.પી.એસ. મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો.

ગુંગાવાડામાં આશરે ૧૩૦૦ વનવાસી પરિવાર રહે છે. અહીં બી.એ.પી.એસ. સત્સંગનાં મંડાણ થયાં એ પૂર્વે અંધશ્રદ્ધા, વ્યસન, વહેમ, ચોરી-લૂંટફાટની પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહેતા આ ભોળા આદિવાસીઓને જીવનનું મહત્ત્વ સમજાવનાર કોઈ મળ્યું નહોતું. પરંતુ પ્રમુખસ્વામી મહારાજની કૃપા આ ગામ ઉપર થઈ અને સન ૧૯૯૮માં અહીંના શ્રી મડુભાઈ ભાવસિંહ રાઠવા બી.એ.પી.એસ. સંસ્થાના સંતોના સંપર્કમાં આવ્યા. તેઓ સત્સંગ રંગે રંગાયા અને અહીં સત્સંગમંડળનો આરંભ થયો. થોડા જ સમયમાં ૬૫ જેટલા પરિવારો સત્સંગ માર્ગે વળ્યા અને

તેમનાં જીવન સદાચારથી મઘમઘવા લાગ્યાં. સત્સંગની વિશેષ અભિવૃદ્ધિ થતાં અહીં નૂતન બી.એ.પી.એસ. મંદિરની જરૂરિયાત જણાવા લાગી. તેથી શ્રી બુચાભાઈ નારસિંહભાઈ રાઠવાએ મંદિરનિર્માણ માટે પોતાની ભૂમિ અર્પણ કરી. સૌના સાથ-સહકારથી આ ભૂમિ પર નૂતન બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું. આ મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ તા ૮ અને ૯, જૂન ૨૦૧૯ના રોજ ઊજવાઈ ગયો.





વિસાવદર ખાતે મૂર્તિસ્થાપનવિધિમાં રત સંતો... ભોદર ખાતે પ્રાસંગિક સભામાં સત્સંગલાભ પ્રાપ્ત કરતો ભક્તસમુદાય...

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે તા. ૮ જૂનના રોજ મંદિરમાં સ્થાપિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ હતી. આ શોભાયાત્રામાં વિવિધ કલાત્મક રથ, વનવાસીબંધુઓનાં પારંપરિક નૃત્યો જેવાં વિવિધ આકર્ષણોએ સર્વત્ર આનંદમય વાતાવરણ સર્જી દીધું હતું.

તા. ૯-૬-૨૦૧૯ના રોજ મંદિરમાં મૂર્તિઓનો સ્થાપનવિધિ ધામધૂમપૂર્વક યોજાયો હતો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના કરકમળો દ્વારા પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ નરેન્દ્રપ્રસાદદાસ સ્વામીએ કર્યો હતો. આ પ્રસંગે યોજાયેલી પ્રાસંગિક સભામાં બહોળી સંખ્યામાં ભક્તો-ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

આમ, વનવાસી વિસ્તારમાં રચાયેલું આ મંદિર સદાચાર અને અધ્યાત્મના ઓજસથી સતત સૌને અજવાળતું રહેશે.

## ભોદર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

મધ્ય ગુજરાતના જંબુસર તાલુકાના ભોદર ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૧૯-૫-૨૦૧૯ના રોજ હર્ષોલ્લાસપૂર્વક યોજાઈ ગયો.

ગુણાતીત ગુરુ પરંપરાનાં ચરણારવિંદથી પવિત્ર થયેલી ભોદર ગામની ભૂમિ પર ઉત્તરોત્તર સત્સંગનો વિકાસ થતાં નૂતન મંદિર માટે પ્રવૃત્તિ શરૂ થઈ. સંનિષ્ઠ હરિભક્ત શ્રી જગદીશભાઈ પટેલ, મૂકેશભાઈ પટેલ, ભાઈલાલભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, ડાહ્યાભાઈ પટેલ વગેરે હરિભક્તો તથા બાળ-યુવકમંડળના સહયોગથી નૂતન મંદિર નિર્માણ પામ્યું અને દ્વિદિવસીય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ આવી પહોંચ્યો.

આ ઉત્સવના ઉપક્રમે તા. ૧૮-૫-૨૦૧૯ના રોજ પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની કલાત્મક રથોમાં શોભાયાત્રા ગામમાં યોજાઈ ત્યારે સર્વે ગામજનો મૂર્તિઓનાં દર્શન કરીને ભાગ્યવંત બન્યા હતા. બીજા દિવસના મંગલમયી પ્રભાતે નૂતન મંદિરમાં યોજાયેલી વેદોક્ત મહાપૂજામાં ૩૦૦થી વધારે યજમાનોએ લાભ પ્રાપ્ત કરીને ધન્યતા અનુભવી. ભોદર ખાતે પ્રતિષ્ઠિત થનાર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત પરંપરાની મૂર્તિઓનો પ્રતિષ્ઠા-વિધિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અટલાદરામાં તા. ૨૩-૮-૨૦૧૮ના રોજ સંપન્ન કર્યો હતો. મહાપૂજાવિધિ બાદ આ મૂર્તિઓનો સ્થાપનવિધિ આનંદસ્વરૂપદાસ સ્વામીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ પ્રાસંગિક સભામાં આનંદસ્વરૂપદાસ સ્વામીએ પ્રેરક ઉદ્‌બોધનનો લાભ આપીને સેવાધારી હરિભક્તોને સેવાઓને બિરદાવી હતી. અહીં વિચરણ કરતા જ્ઞાનવીરદાસ સ્વામી અને બ્રહ્મનિલયદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકો અને ગ્રામજનોની સેવાથી ઉત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો.

આમ, વંકાલ, બીગરી, સોખડા, ભેંસધરા, વિસાવદર, ગુંગાવાડા અને ભોદર ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ થતાં આ ગામોમાં અનેક વર્ષો સુધી વૈદિક શુદ્ધ ઉપાસનાના પડઘમ ગુંજતા રહેશે. ◆

(અનુસંધાન પૃ. ૧૧ પરથી) મહારાજના આશીર્વાદથી ભદ્રેશદાસ સ્વામીએ 'સ્વામિનારાયણ સિદ્ધાંતસુધા - પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિતમ્ અક્ષરપુરુષોત્તમ દર્શનમ્' નામથી એક વાદગ્રંથની પણ રચના કરી છે. આજે દેશ-વિદેશોમાં શ્રી ભદ્રેશદાસ સ્વામીના આ શાસ્ત્રીય ગ્રંથોને વિદ્વત્ સમાજે અતિ આદરની સાથે સન્માનિત કર્યા છે અને સાદર સમર્થન પણ આપ્યું છે. કાશી વિદ્વત્ પરિષદ તેનું એક ઉત્તમ ઉદાહરણ છે.

આજે આપણા બધા માટે એક અતિ આનંદપ્રદ અને ગૌરવપ્રદ પ્રસંગ બની રહ્યો છે કે આજે પરબ્રહ્મ સ્વામિનારાયણ પ્રબોધિત આ વૈદિક સનાતન અક્ષરપુરુષોત્તમ દર્શનનાં સંરક્ષણ, સંપોષણ અને સંવર્ધન માટે,

તથા ન્યાય-વ્યાકરણ-વેદાંત-સાહિત્ય-જ્યોતિષ-કર્મકાંડ ઈત્યાદિ શાસ્ત્રોના પરંપરાગત શૈલીથી અધ્યયન અધ્યાપનના સંરક્ષણ, સંપોષણ અને સંવર્ધન માટે,

શાસ્ત્ર પરંપરાની સાથે સાથે વૈદિક સનાતન ધર્મના સ્તંભ સમાન આપણી મંદિર પરંપરા તથા સંતપરંપરા, ભક્તિ અને જ્ઞાનની પરંપરાનાં સંરક્ષણ, સંપોષણ અને સંવર્ધન માટે,

જે એકમાત્ર નગરી વિદ્વન્ નગરીના નામથી વિશ્વવિખ્યાત છે, એવી શ્રી કાશી નગરીમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા સંચાલિત 'અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠ'ની સ્થાપના થઈ રહી છે. આ પીઠની સ્થાપનાનો દિવ્ય સંકલ્પ અમારા વર્તમાન ગુરુહરિ પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી મહંત સ્વામી મહારાજે કર્યો છે. તેમના આદેશ અનુસાર હું શ્રી કાશીમાં, શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના દિવ્ય સાંનિધ્યમાં, વિવિધ વિદ્યાઓમાં પારંગત એવા વિદ્વદ્વર્યોની મહનીય ઉપસ્થિતિમાં, પરમ તપસ્વી સંતગણની ઉપસ્થિતિમાં અને ભાવિક ભક્તગણની ઉપસ્થિતિમાં આ અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠની સ્થાપનાની વિધિવત્ ઘોષણા કરું છું.

આજે મારી આપ સર્વ વિદ્વાનોને પ્રાર્થના છે કે આપ આ અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠને આશીર્વાદ પ્રદાન કરો. વિશ્વનાથ મહાદેવના આશીર્વાદ આપણા બધા ઉપર સદા વરસતા રહે. આપના સહયોગથી આ પીઠને અધિક બળ મળશે.

ભગવાન સ્વામિનારાયણ અને અમારા ગુરુહરિ શ્રી પ્રમુખસ્વામીજી મહારાજ અને શ્રી મહંત સ્વામીજી મહારાજનાં ચરણોમાં આપ સર્વની સર્વવિધ ઉન્નતિ માટે, નિરામય સ્વાસ્થ્ય માટે, પરમ યશ અને કીર્તિ માટે પ્રાર્થના કરું છું.''

સભામાં ઉપસ્થિત વિદ્વાનોએ શ્રી અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠની સ્થાપનાની આ ઘોષણાને તાળીનાદથી વધાવી લીધી.

સભાના અંતમાં શ્રી કાશી વિદ્વત્ પરિષદ દ્વારા આ પ્રસંગમાં સહયોગી સૌ કોઈનું આભારદર્શન કરવામાં આવ્યું.

સૌ વિદ્વાનોને આજના અલૌકિક પ્રસંગની છબિઓ સભાના અંતે અર્પવામાં આવી હતી. પ્રત્યેક વિદ્વાન આ ઐતિહાસિક અને અભૂતપૂર્વ ઘટનાના સાક્ષી બનવાથી ધન્યતા અનુભવી રહ્યા હતા. સૌનો આનંદ તેમના મુખ પર વર્તાઈ રહ્યો હતો. સભાગારમાંથી વિદાય લેતા સૌ કોઈના હૃદયનો એક જ અવાજ હતો – આજનો સમારોહ તો ન ભૂતો ન ભવિષ્યતિ...

આમ, જે કાશીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે દશ વર્ષની ઉંમરે શાસ્ત્રાર્થ કરી અક્ષરે સહિત પુરુષોત્તમની ભક્તિના સિદ્ધાંતને વિદ્વદ્ વર્ગમાં પ્રસ્થાપિત કર્યો હતો તે જ કાશીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતનું યાવત્ચંદ્રદિવાકરૌ સંરક્ષણ, સંપોષણ અને સંવર્ધન થતું રહે તે માટે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા શ્રી અક્ષરપુરુષોત્તમ દર્શન પીઠની સ્થાપના કરીને પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી નિમિત્તે તેઓશ્રીનાં જ ચરણોમાં એક વિશિષ્ટ ભાવાંજલિ, તાત્ત્વિક અને દાર્શનિક ભાવાંજલિ અર્પણ કરાઈ. ઉલ્લેખનીય છે કે આ પ્રસંગે અક્ષરચરણદાસ સ્વામી, પુરુષોત્તમચરણદાસ સ્વામી અને સ્વામિનારાયણ વેદાંત એટલે કે અક્ષરપુરુષોત્તમ દર્શનનો શાસ્ત્રીય રીતે અભ્યાસ કરતા ૨૫થી વધુ સંતો ઉપસ્થિત હતા.

આ રીતે વિદ્વદ્ નગરી કાશીમાં એક અભૂતપૂર્વ અને ઐતિહાસિક કાર્ય સંપન્ન થયું. ◆

## અક્ષરવાસ

**બી.એ.પી.એસ. પરિવારના અક્ષરનિવાસી હરિભક્તોને હાર્દિક શ્રદ્ધાંજલિ...**

### શ્રી પ્રવીણચંદ્ર વી. આશર, વાંકાનેર, ઉં.વ. ૬૪, અ. તા. ૯-૪-૨૦૧૯



મૂળ વાંકાનેરના વતની શ્રી પ્રવીણભાઈ વલ્લભદાસ આશર છેલ્લાં ૩૦ વર્ષથી બી.એ.પી.એસ. સત્સંગ પ્રવૃત્તિમાં નિરીક્ષક તરીકે સેવા કરી રહ્યા હતા. તેઓ એક આદર્શ શિક્ષક અને સંસ્કૃતના વિદ્વાન તરીકે પણ ઉચ્ચ કારકિર્દી ધરાવતા હતા. વાંકાનેરના મંદિરના પાયાના પથ્થર સમા આ ભક્તરાજે સત્સંગની સેવા કરીને સ્વામીશ્રીને ખૂબ પ્રસન્ન કર્યા હતા. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ. ◆

### શ્રી સેવંતીલાલ પી. મોદી, હિંમતનગર, ઉં.વ. ૭૩, અ. તા. ૨૩-૪-૨૦૧૯



હિંમતનગરના વતની સંનિષ્ઠ હરિભક્ત શ્રી સેવંતીલાલ પ્રભુદાસ મોદીએ હિંમતનગર ખાતે સત્સંગ વિકાસમાં વર્ષો સુધી અનન્ય સેવાઓ આપી હતી. બગીચાવિસ્તાર ખાતે બી.એ.પી.એસ. મંદિરના નિર્માણમાં વિશેષ સેવાઓ અર્પીને ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ, પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના કૃપાપાત્ર આ હરિભક્તને હાર્દિક શ્રદ્ધાંજલિ. ◆

# સત્સંગ શિક્ષણ પરીક્ષા - દેશના કાર્યકરોનું પરિણામ - માર્ચ ૨૦૧૯

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી પ્રતિ વર્ષ સત્સંગ શિક્ષણ પરીક્ષાઓ યોજાય છે. દેશ-વિદેશનાં કેન્દ્રોમાં લેવાતી આ પરીક્ષાઓ દ્વારા હજારો આબાલવૃદ્ધો ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો તથા સંપ્રદાયની ઉપાસનાનું પાયાનું જ્ઞાન અને સંસ્કાર મેળવે છે.

૨૦૧૯ના વર્ષમાં માર્ચ માસમાં લેવાયેલી કાર્યકર પરીક્ષા અંતર્ગત દેશનાં **૧૯૬** પરીક્ષા કેન્દ્રોમાં પ્રારંભ પરીક્ષાથી માંડીને અનુસ્નાતક કક્ષાની પ્રાજ્ઞ તૃતીય ખંડ સુધીની **૭** પરીક્ષાઓ લેવામાં આવી હતી. જેમાં **૫,૮૦૨** પરીક્ષાર્થીઓ બેઠા હતા. તેમાંથી કુલ **૪૦.૮૭ ટકા** પરિણામ સાથે **૨,૩૭૧** પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા.

**– પરીક્ષા વ્યવસ્થાપક**

## દેશના પારિતોષિક વિજેતાઓની યાદી

### સત્સંગ પ્રારંભ

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | પટેલ કેયુરભાઈ જીવણભાઈ | ૯૮ | કરચેલિયા |
| ૨. | સોલંકી ચંદ્રેશ હિંમતલાલ | ૯૭ | અક્ષરવાડી, સુરત |
| ૨. | પીપળીયા દર્શનાબેન અલ્પેશભાઈ | ૯૭ | અક્ષર મંદિર, ગોંડલ |
| ૩. | ચૌહાણ ગૌરવકુમાર જગદીશભાઈ | ૯૬ | સુરત છાત્રાલય |
| ૪. | સોલંકી જયપાલસિંહ રાજેન્દ્રસિંહ | ૯૫ | સુરત છાત્રાલય |
| ૪. | જીવાણી મયૂર ત્રિકમભાઈ | ૯૫ | વિદ્યાનગર છાત્રાલય |
| ૪. | જેસડીયા નીરવ કિરીટભાઈ | ૯૫ | સુરત છાત્રાલય |
| ૫. | પટેલ જતિનકુમાર મહેશભાઈ | ૯૪ | કરચેલિયા |

### સત્સંગ પ્રવેશ

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | દલસાણિયા ભીષ્મ હસમુખભાઈ | ૧૪૪ | નડિયાદ છાત્રાલય |
| ૨. | પંડ્યા ચંદનબેન દિશાંતભાઈ | ૧૩૮ | સેક્ટર-૨૦, ગાંધીનગર |
| ૩. | દરજી ભાવેશકુમાર દશરથલાલ | ૧૩૬ | વીસનગર |
| ૪. | ચાવડા ધવલ ચંદુલાલ | ૧૩૫ | નડિયાદ છાત્રાલય |
| ૫. | દુધાગરા જય હસમુખભાઈ | ૧૩૩ | નડિયાદ છાત્રાલય |

### સત્સંગ પરિચય

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | રૈયાણી નિશાબેન જયેશભાઈ | ૧૩૫ | બોરીવલી(વેસ્ટ), મુંબઈ |
| ૨. | પંચાલ નીતાબેન રાકેશભાઈ | ૧૩૩ | સોજીત્રા |
| ૩. | પટેલ શૈલેષ મથુરભાઈ | ૧૨૮ | નડિયાદ છાત્રાલય |
| ૪. | માલવી શીતલબેન દીપકભાઈ | ૧૨૭ | જામનગર |
| ૪. | છાટબાર હંસાબેન ભગવાનજીભાઈ | ૧૨૭ | જામનગર |
| ૪. | સખવાળા મિલન મુકેશભાઈ | ૧૨૭ | નડિયાદ છાત્રાલય |
| ૫. | મોરડિયા યોગીનકુમાર હરેશભાઈ | ૧૨૫ | નડિયાદ છાત્રાલય |
| ૫. | પટેલ કોકિલાબેન મુકેશકુમાર | ૧૨૫ | દાવડ, ચિત્રોડી |

### સત્સંગ પ્રવીણ

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | વઘાસીયા જગદીશ પ્રાગજીભાઈ | ૧૭૮ | અક્ષરવાડી, સુરત |
| ૨. | પ્રજાપતિ વસુધા હર્ષદ | ૧૭૫ | સેક્ટર-૨૦, ગાંધીનગર |
| ૩. | ઠક્કર મીનાબેન વિનોદભાઈ | ૧૭૦ | બોરીવલી(વેસ્ટ), મુંબઈ |
| ૪. | જાગાણી અમિત શાંતિભાઈ | ૧૬૮ | વરાછા રોડ, સુરત |
| ૫. | પ્રજાપતિ ઉર્વશીબેન સંજયભાઈ | ૧૬૬ | સેક્ટર-૨૦, ગાંધીનગર |

### સત્સંગ પ્રાજ્ઞ-૧

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | રૂડાણી જયશ્રીબેન હરસુખભાઈ | ૧૪૮ | અંજાર, કચ્છ |
| ૨. | મોકાસદર કલ્યાણીબેન રાજેશભાઈ | ૧૪૬ | દાદર, મુંબઈ |
| ૩. | પંચાલ સ્વાતિબેન કશ્યપભાઈ | ૧૪૪ | દાદર, મુંબઈ |
| ૪. | ચુડાસમા સેજલબેન ભાવેશભાઈ | ૧૪૨ | ઘાટલોડિયા, અમદાવાદ |
| ૫. | સેડલિયા ઈલાબેન હસમુખભાઈ | ૧૪૦ | ધ્રાંગધ્રા |

### સત્સંગ પ્રાજ્ઞ - ૨

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | પટેલ અંકિતભાઈ સુરેશભાઈ | ૧૭૪ | કારેલીબાગ, વડોદરા |
| ૨. | અકબરી સેજલબેન હિતેશભાઈ | ૧૭૨ | વરાછા રોડ, સુરત |
| ૩. | ગોયાણી વિલાસબેન કિશોરભાઈ | ૧૭૦ | બોરીવલી(વેસ્ટ), મુંબઈ |
| ૪. | દેસાઈ નરેન્દ્રકુમાર ઠાકોરભાઈ | ૧૬૪ | વીજાપુર |
| ૫. | ભડિયાદરા પરેશભાઈ ગણેશભાઈ | ૧૫૫ | અક્ષરવાડી, સુરત |

### સત્સંગ પ્રાજ્ઞ - ૩

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | કુછડિયા ગીતાબેન લક્ષ્મણભાઈ | ૧૬૧ | બોરીવલી(વેસ્ટ), મુંબઈ |
| ૨. | મિસ્ત્રી છાયાબેન નિલેશકુમાર | ૧૫૯ | બોરીવલી(વેસ્ટ), મુંબઈ |
| ૨. | ડોબરીયા દિપાલીબેન ધર્મેશભાઈ | ૧૫૯ | વરાછા રોડ, સુરત |
| ૩. | કળથીયા નીતાબેન કેતનભાઈ | ૧૫૭ | અક્ષરવાડી, સુરત |
| ૪. | ભાલાળા સોનલબેન ચતુરભાઈ | ૧૫૪ | વરાછા રોડ, સુરત |
| ૫. | ઈંટવાળા વિજયકુમાર બાબુભાઈ | ૧૪૧ | અક્ષરવાડી, સુરત |

# સત્સંગ શિક્ષણ પરીક્ષા - પરદેશનાં કેન્દ્રોનું પરિણામ - માર્ચ ૨૦૧૯

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી પ્રતિ વર્ષ સત્સંગ શિક્ષણ પરીક્ષાઓ યોજાય છે. દેશ-વિદેશનાં કેન્દ્રોમાં લેવાતી આ પરીક્ષાઓ દ્વારા હજારો આબાલવૃદ્ધો ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો તથા સંપ્રદાયની ઉપાસનાનું પાયાનું જ્ઞાન અને સંસ્કાર મેળવે છે.

૨૦૧૯ના વર્ષમાં માર્ચ માસમાં લેવાયેલી પરીક્ષા અંતર્ગત પરદેશનાં **૧૯૩** પરીક્ષા કેન્દ્રોમાં પ્રારંભ પરીક્ષાથી માંડીને અનુસ્નાતક કક્ષાની પ્રાજ્ઞ તૃતીય ખંડ સુધીની **૭** પરીક્ષાઓ લેવામાં આવી હતી. જેમાં **૧૬,૯૧૮** પરીક્ષાર્થીઓ બેઠા હતા. તેમાંથી કુલ **૪૯.૩૭ ટકા** પરિણામ સાથે **૮,૩૫૩** પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા.

**– પરીક્ષા વ્યવસ્થાપક**

## પરદેશના પારિતોષિક વિજેતાઓની યાદી

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| | **સત્સંગ પ્રારંભ** | | |
| ૧. | કુંદન અમિત પટેલ | ૯૮ | સાન હોઝે, યુ.એસ. |
| ૧. | હેમલતા નિલેશ પટેલ | ૯૮ | ગ્રીનવીલે, યુ.એસ. |
| ૨. | રશ્મીભાઈ વિહારીભાઈ પટેલ | ૯૭ | સાયરાકૂઝ, યુ.એસ. |
| ૨. | ઋષિલ મુકેશભાઈ પટેલ | ૯૭ | સાન હોઝે, યુ.એસ. |
| ૩. | પૂર્વી ધ્રુવલ શાહ | ૯૬ | સાન હોઝે, યુ.એસ. |
| ૩. | ફાલ્ગુની રોશન પટેલ | ૯૬ | મિલવૌકી, યુ.એસ. |
| ૩. | પારૂલ મિલીન્દ પ્રિયદર્શી | ૯૬ | જર્સી સીટી, યુ.એસ. |
| ૪. | નિરાલી પરેશકુમાર પટેલ | ૯૫ | મસ્કત, મીડલ ઈસ્ટ |
| ૪. | રીટાબેન રમણભાઈ પટેલ | ૯૫ | શિકાગો, યુ.એસ.એ. |
| ૪. | સ્નેહલ ઉજાસકુમાર પ્રજાપતિ | ૯૫ | લંડન, યુ.કે. |
| ૪. | હર્ષિત મહેશકુમાર દવે | ૯૫ | હ્યુસ્ટન, યુ.એસ. |
| ૫. | નેહલ નયનભાઈ પટેલ | ૯૪ | સાન હોઝે, યુ.એસ. |
| ૫. | પૂજા કલ્પેશ અઝોલીયા | ૯૪ | કુવૈત, મીડલ ઈસ્ટ |
| ૫. | કૃષ્ણકાંત જીતેન્દ્રભાઈ પટેલ | ૯૪ | કુવૈત, મીડલ ઈસ્ટ |
| ૫. | ભક્તિ કલ્પેશ બ્રહ્મભટ્ટ | ૯૪ | મસ્કત, મીડલ ઈસ્ટ |
| ૫. | જીનલ જૈનેશ મોદી | ૯૪ | ડેલાવેર, યુ.એસ.એ. |
| | **સત્સંગ પ્રવેશ** | | |
| ૧. | જલ્પા રોનકકુમાર પટેલ | ૧૪૫ | મોમ્બાસા, કેન્યા |
| ૨. | હેતલ રોહિત વાછાણી | ૧૪૪ | કુવૈત, મીડલ ઈસ્ટ |
| ૩. | વ્રિન્દાબેન શરદ પટેલ | ૧૪૩ | વિનીપેગ, કેનેડા |
| ૩. | દિવ્યા પંકજ વાળંદ | ૧૪૩ | મોમ્બાસા, કેન્યા |
| ૪. | તૃપ્તિ નિમિષભાઈ અમીન | ૧૪૧ | સિએટલ, યુ.એસ. |
| ૫. | આશાબેન અરવિંદભાઈ પટેલ | ૧૩૯ | નેશવીલે, યુ.એસ. |
| ૫. | ભૂપત રમેશભાઈ કાનાણી | ૧૩૯ | કુવૈત, મીડલ ઈસ્ટ |
| | **સત્સંગ પરિચય** | | |
| ૧. | મૌલી મનીષ પારેખ | ૧૪૬ | રાલે, યુ.એસ. |
| ૨. | પૂજા પ્રણવ પટેલ | ૧૩૯ | લેન્સડેલ, યુ.એસ. |
| ૩. | જલ્પા ચિરાગ પટેલ | ૧૩૬ | શાર્લોટ, યુ.એસ. |
| ૪. | દિપ્તી નાગરદાસ પટેલ | ૧૩૪ | સ્કારબરો, કેનેડા |
| ૫. | જીગીષા કશ્યપ જણસારી | ૧૩૨ | ડેટ્રોઈટ, યુ.એસ. |
| ૫. | માહિકા જયેશ મહેતા | ૧૩૨ | કેલગેરી, કેનેડા |
| ૫. | મિનેષ બાબુલાલ પટેલ | ૧૩૨ | ટેમ્પા, યુ.એસ. |
| ૫. | હેતલ કિરીટ ગજેરા | ૧૩૨ | મીનીઆપોલીસ,યુ.એસ. |
| | **સત્સંગ પ્રવીણ** | | |
| ૧. | પ્રજ્ઞા જિજ્ઞેશ પટેલ | ૧૮૫ | વોશિંગ્ટન, યુ.એસ. |
| ૨. | નેહાબેન જલદીપભાઈ કાકડિયા | ૧૮૧ | જર્સી સીટી, યુ.એસ. |
| ૩. | વંદના ભરત પટેલ | ૧૮૦ | ટેમ્પા, યુ.એસ. |
| ૪. | નીરવ ગિરીશકુમાર શાહ | ૧૭૮ | લોંગ આઈલેન્ડ, યુ.એસ. |
| ૫. | અંકુર રમેશભાઈ પાલડિયા | ૧૭૭ | હેરિસબર્ગ, યુ.એસ. |
| | **સત્સંગ પ્રાજ્ઞ-૧** | | |
| ૧. | ગાર્ગી સુજીત પેઢડિયા | ૧૮૬ | સિડની, ઑસ્ટ્રેલિયા |
| ૨. | ચંદ્રિકા ભરત પટેલ | ૧૮૫ | લોંગ આઈલેન્ડ, યુ.એસ. |
| ૩. | કોમલ દિવ્યેશ મિસ્ત્રી | ૧૮૩ | કોલમ્બસ-ઓહાયો, યુ.એસ. |
| ૪. | ઉર્મિલા ભાવિન પટેલ | ૧૮૧ | એટલાન્ટા, યુ.એસ. |
| ૫. | મૃણાલી મેહુલ દાણી | ૧૮૦ | ઓરલેન્ડો, યુ.એસ. |
| | **સત્સંગ પ્રાજ્ઞ - ૨** | | |
| ૧. | આરતી હિરલકુમાર પટેલ | ૧૮૨ | એડિસન, યુ.એસ.એ. |
| ૨. | હર્ષા કપિલદેવ વ્યાસ | ૧૮૦ | કોલમ્બસ-ઓહાયો, યુ.એસ. |
| ૩. | જ્યોત્સના ગિરીશભાઈ ગોહિલ | ૧૭૮ | ટોરન્ટો, કેનેડા |
| ૪. | સરોજ લાલજીભાઈ પટેલ | ૧૭૭ | કોલમ્બસ-ઓહાયો, યુ.એસ. |
| ૫. | એકતા નિશીત પટેલ | ૧૭૫ | ટેમ્પા, યુ.એસ. |
| ૫. | પાયલ નિસર્ગ પટેલ | ૧૭૫ | ઈન્ડિઆનાપોલીસ, યુ.એસ. |
| | **સત્સંગ પ્રાજ્ઞ - ૩** | | |
| ૧. | કિંજલ અમિતભાઈ પટેલ | ૧૮૧ | રોબિન્સવીલ, યુ.એસ. |
| ૨. | મનીષા ભરતભાઈ પટેલ | ૧૮૦ | રોબિન્સવીલ, યુ.એસ. |
| ૩. | કિન્નરી સચિન દવે | ૧૭૬ | બોસ્ટન, યુ.એસ. |
| ૪. | નિમિષા ભરતભાઈ પટેલ | ૧૭૪ | એલ.એ., યુ.એસ. |
| ૫. | હિરેન પ્રવીણભાઈ પટેલ | ૧૭૦ | એટલાન્ટા, યુ.એસ. |
| ૫. | ગૌરાંગ રોહિતભાઈ પટેલ | ૧૭૦ | ટોરન્ટો, કેનેડા |

### ભક્તરાજ શ્રી વિષ્ણુભાઈ પ્રાણશંકરભાઈ ભટ્ટ, કોઇમ્બતુર, ઉં.વ. ૯૨, અક્ષરવાસ તા. ૨૫-૪-૨૦૧૯



મૂળ ઉમરેઠના વતની અને એક નિષ્ણાત મેટલર્જિકલ એન્જિનિયર તરીકે કોઈમ્બતુરમાં પોતાની ઉજ્જ્વળ કારકિર્દી બનાવનાર ભક્તરાજ વિષ્ણુભાઈ પી. ભટ્ટ એટલે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજના કૃપાપાત્ર સમર્પિત ભક્તરાજ.

મેટલર્જિકલ એન્જિનિયરિંગ કર્યા પછી ભારતની ટેલ્કો કંપનીમાં મેલ્ટિંગના નિષ્ણાત તરીકે સેવા આપતા હતા ત્યારે સન ૧૯૫૪-૫૫માં તેમની કુશળતા અને બુદ્ધિ જોઈ તેમને ફાઉન્ડ્રી ટ્રેઈનિંગ માટે જર્મની, ફ્રાન્સ, ઇંગ્લૅન્ડ, સ્વિટ્ઝરલેન્ડ, બેલ્જિયમ વગેરે યુરોપના દેશોમાં બે વર્ષ માટે મોકલવામાં આવ્યા હતા. તે સમયે તેઓ યોગીજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદ લઈને વિદેશ જઈ રહ્યા હતા ત્યારે ધબ્બો આપતાં યોગીજી મહારાજ બોલ્યા હતા કે 'વિષ્ણુભાઈ! અમે તમારી સાથે છીએ. તમારી દરેક રીતે રક્ષા કરીશું.' અને એ શબ્દો વિષ્ણુભાઈએ સાકાર અનુભવ્યા.

બેલ્જિયમમાં 'યૂઝીન આમીલ હારીકો નામની એક કંપનીમાં રવિવારની રજા બાદ સોમવારે સવારે છ વાગે તેઓ કારખાના પર કામે આવ્યા ત્યારે જોયું કે કેલ્શિયમ કાર્બાઇડનું એક ૩૦ કિલોનું મોટું પીપ રવિવારે સાફસૂફી દરમ્યાન કોઈની બેદરકારીથી ભઠ્ઠાના ખાડામાં ૧૨ ફૂટ ઊંડે પડી ગયું છે. પીપનું ઢાંકણ ખૂલી ગયેલું અને પરિણામે કેલ્શિયમ કાર્બાઇડ અને ભેજની રાસાયણિક પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી, જે ખતરનાક હતી. આ દરમ્યાન લોખંડને ઓગાળવાનો ૮૦૦ સેન્ટિગ્રેડથી વધુ ગરમી ધરાવતો ભયાનક ભઠ્ઠો ચાલુ હતો. પ્રવાહી લોખંડના રસમાંથી કચરો દૂર કરવાની પ્રક્રિયા માટે એક બાલદી જેવું મોટું સાધન વપરાતું. વિષ્ણુભાઈ આ બાલદી ભઠ્ઠાની પાસેના ખાડામાં યોગ્ય રીતે મુકાય છે કે નહિ તે જોવા માટે ગયા, પણ જોતાં પહેલાં કોણ જાણે કેમ પણ તેઓ બોલી ઊઠ્યાઃ 'મહારાજ! યોગીજી મહારાજ! રક્ષા કરજો!' તે જ સમયે એક બેલ્જિયન કારીગર જહોની સીડી દ્વારા નીચે ઊતર્યો છે, તેમણે જોરથી બૂમ પાડીઃ 'જહોની! બહાર આવી જા.' તે આ બૂમ સાંભળે ને સમજે તે પહેલાં તો ભઠ્ઠામાંથી ઊડતો એક તણખો આ ખાડામાં પડ્યો અને ભયંકર ધડાકા સાથે પીપ ફાટ્યું. ૩૦ થી ૪૦ ફૂટની જ્વાળાઓ ધધકવા લાગી. બાર ફૂટ ઊંડા ખાડામાં જહોની જીવતો ભુંજાઈ રહ્યો હતો. વિષ્ણુભાઈ ત્યાં દોડી ગયા. વિષ્ણુભાઈએ જમણા હાથે લોખંડની રેલિંગ પકડી ડાબો હાથ ખાડામાં નાખ્યો અને ૧૯૦ રતલના એ ભરાવદાર જહોનીને ૫૫ કિલોનું વજન ધરાવનાર ૨૪ વર્ષના યુવાન વિષ્ણુભાઈ કોઈ રીતે ઉપર ખેંચી શકે તેમ નહોતા. ઊલટું આ પરિસ્થિતિમાં તો વિષ્ણુભાઈ અંદર ધકેલાઈ જાત. પણ એક અપાર, અદૃશ્ય શક્તિથી જહોની બહાર આવી ગયો. સ્ટ્રેચર આવી ગયું હતું. તાત્કાલિક એમ્બ્યુલન્સ આવી અને જહોની હૉસ્પિટલમાં સારવાર હેઠળ પહોંચી ગયો. તે ગયા પછી વિષ્ણુભાઈને ખ્યાલ આવ્યો કે મારા માથામાં ખૂબ વેદના થાય છે. તેમણે માથે હાથ ફેરવ્યો તો બધા જ વાળ હાથમાં આવી ગયા! તેમના અડધા ચહેરા પર પણ જ્વાળાની અસર થઈ હતી. પરંતુ તેમને યોગીજી મહારાજના એ શબ્દો સાંભરી આવ્યા કે 'વિષ્ણુભાઈ! અમે તમારી સાથે છીએ.'

આવા અનેક દિવ્યાનુભવો ધરાવતા વિષ્ણુભાઈ બી.એ.પી.એસ. સંસ્થાના એક અગ્રણી સમર્પિત ભક્તરાજ હતા. તેમણે કોઈમ્બતુર ખાતેનું પોતાનું ઘર બી.એ.પી.એસ. સંસ્થાને મંદિર બનાવવા માટે સમર્પિત કરીને દક્ષિણ ભારતમાં સત્સંગપ્રસારના કાર્યમાં ખૂબ મહત્ત્વનું યોગદાન આપ્યું છે. જીવનના છેલ્લા શ્વાસ સુધી સત્સંગના કેફમાં રહેનાર આ ભક્તરાજે પોતાનાં સંતાનોમાં પણ સત્સંગનું વિશેષ સિંચન કર્યું છે. તેઓની વિદાયથી એક સમર્પિત ભક્તરાજની ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ. ◆

### ભક્તરાજ શ્રી મોતીરામ દયારામ લાડ, સુરત, ઉં.વ. ૭૨, અક્ષરવાસ તા. ૧૩-૬-૨૦૧૯



સુરતના સંનિષ્ઠ ભક્તરાજ અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના અગ્રેસર કાર્યકર શ્રી મોતીરામ દયારામ લાડ મૂળ તો વેડ ગામના વતની. સન ૧૯૭૬માં વ્યારામાં ઊજવાયેલા પ્રમુખસ્વામી મહારાજના ૫૬મા જન્મજયંતી મહોત્સવ પ્રસંગે તેઓ પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવ્યા અને તેઓના આધ્યાત્મિક રંગે રંગાઈ ગયા. સન ૧૯૮૩માં તેઓ સુરત ખાતે સત્સંગપ્રવૃત્તિમાં કાર્યકર તરીકે સેવારત થયા અને એક જ વર્ષમાં તેઓ સુરત સત્સંગપ્રવૃત્તિના નિર્દેશક તરીકે નિયુક્ત થયા. ઉત્સાહ અને નિષ્ઠાના બળે તેઓ સત્પુરુષની પ્રત્યેક આજ્ઞા ઝીલવા કટિબદ્ધ હતા. એક આદર્શ કાર્યકર તરીકેના સદ્‌ગુણો જેવા કે નિષ્ઠા, વફાદારી, ચોક્કસાઈ, પુરુષાર્થ, સમર્પણ, ભક્તિ જેવા ગુણોથી તેઓ સદાય મઘમઘતા હતા. આરંભનાં વર્ષોમાં તેઓ સાઇકલ લઈને સત્સંગપ્રસાર માટે ઘરોઘર ઘૂમતા.

સન ૧૯૮૩ થી ૨૦૧૩ સુધી ૩૦ વર્ષ દરમ્યાન તેઓ સંનિષ્ઠ કાર્યકર તરીકે અહોરાત્ર સેવારત રહ્યા. સુરતમાં સત્સંગવિકાસમાં તેમનો અમૂલ્ય ફાળો સદા સ્મરણીય રહેશે. તેઓએ નિઃસ્વાર્થભાવે સેવા કરીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો અઢળક રાજીપો પ્રાપ્ત કર્યો હતો. આવા ભક્તરાજના અક્ષરવાસથી બી.એ.પી.એસ. સંસ્થાને એક સંનિષ્ઠ, સેવાભાવી ભક્તની ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ. ◆

નૂતન પ્રકાશન

**પ્રગટ થઈ ચૂક્યો છે વિસ્તૃત જીવનચરિત્ર શૃંખલાનો બીજો ભાગ**

# બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ

## વિસ્તૃત જીવનચરિત્ર ભાગ-૨




₹ ૨૦૦/-


લેખક :
સાધુ આદર્શજીવનદાસ

અસંખ્ય લોકોનાં જીવનમાં આધ્યાત્મિક-નૈતિક મૂલ્યોનાં અજવાળાં પાથરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે આ વસુંધરા પર અવતરેલી વિરલ પરમાત્મામય સંતવિભૂતિ. પ્રમુખસ્વામી મહારાજના જીવનસાગરનું આચમન કરાવતી અદ્‌ભુત ગ્રંથ શ્રેણીનું પ્રથમ આચમન-પુષ્પ આપણે સૌએ માણ્યું. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના હસ્તે ગુરુપૂર્ણિમાના પાવન અવસરે આ વિશાળ સાગરસમી જીવનગાથાનું દ્વિતીય આચમન-પુષ્પ પ્રકાશિત થઈ ચૂક્યું છે. આ પુષ્પમાં સન ૧૯૭૧ થી સન ૧૯૭૪ સુધીનાં ૪ વર્ષોની વિગતોનો સમાવેશ કરાયો છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અંતર્ધાન થયા અને તેમના સ્થાને લાખો ભક્તોના ગુરુપદે પ્રમુખસ્વામી મહારાજ બિરાજ્યા તે શ્રેયસ્કારી ચરિત્રોનું અમૃતપાન આ ગ્રંથ-પુષ્પમાં કરીએ. આવો, આપણા સૌના પ્રાણપ્યારા ગુરુહરિના આ જીવનચરિત્રમાં અવગાહન કરીએ અને જીવનને ગુરુસ્મૃતિઓથી રમમાણ કરીએ...

**વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે**

# વચનામૃત વિષયક પ્રેરક પ્રકાશનોની શ્રેણી...

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં અમૃતવચનોનો અજોડ ગ્રંથ એટલે વચનામૃત. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે એક અનિવાર્ય ગ્રંથ. તેમાં આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઊજવાઈ રહેલા આ વચનામૃત ગ્રંથના દ્વિશતાબ્દી મહોત્સવ પર્વે વચનામૃત વિષયક વિવિધ પ્રકાશનોની શ્રેણી પ્રકાશિત કરવામાં આવી રહી છે. વિવિધ દૃષ્ટિકોણથી વચનામૃતનું આચમન કરાવતી આ પુસ્તિકા-શ્રેણીને માણીએ અને વચનામૃતને હૈયે ઉતારીએ...




**સ્વામિનારાયણ અક્ષરપીઠનાં વિક્રય કેન્દ્ર પરથી આજે જ વસાવીએ...**

Swaminarayan Prakash Gujarati, August-2019, Published on 1-8-2019. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Licenced to post without prepayment No. PMG/HQ/009/2018-20, Valid upto 31-12-2020. Regd No. GAMC-274/2018-2020, Valid upto 31-12-2020, RNI 33506/79.







## તીર્થધામ બોચાસણ ખાતે ભક્તિભાવપૂર્વક ઊજવાયો ગુરુપૂર્ણિમા દિન

તાજેતરમાં તા. ૧૬-૭-૨૦૧૯ના રોજ તીર્થધામ બોચાસણ ખાતે ગુરુહરિ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં ગુરુપૂર્ણિમા ઉત્સવ ઊજવાઈ ગયો. આ પ્રસંગે વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે વર્ણવેલા પરમ એકાંતિક સંત-ગુરુના મહિમા પર આધારિત વિશિષ્ટ કાર્યક્રમો યોજાયા હતા. સંસ્થાના વરિષ્ઠ અને વિદ્વાન સંતોએ વચનામૃતના આધારે સંતમહિમાનું રસપાન કરાવીને જીવનમાં એવા ગુરુનું મહત્ત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમના અંતે ૫૦,૦૦૦ કરતાં વધુ ભક્તોએ હરિ અને ગુરુને ચરણે અંજલિ અર્પણ કરી ભાવવંદના કરી હતી. આ પ્રસંગે વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવનો ઉદ્‌ઘોષ કરતાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ આ મહોત્સવનું ચરમ શિખર આગામી પુષ્પદોલોત્સવે ગઢપુર ખાતે ઊજવાશે તેવી ઘોષણા કરી હતી. હજારો ભક્તોએ તેને ઉત્સાહથી વધાવી લીધી હતી.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas